RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 176 Dt. 16-10-2024 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# ઝારખંડ-મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૧૩ અને ૨૦ નવેમ્બરના

## ચૂંટણીપંચે મહારાષ્ટ્ર માટે ૨૦ નવેમ્બર જ્યારે ઝારખંડ માટે ૧૩ અને ૨૦ નવેમ્બર કરી નક્કી



નવીદિલ્હી, તા. ૧૫

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જાહેરાત કરી કે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાશે. ઝારખંડ વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં ૧૩ અને ૨૦ નવેમ્બરે યોજાશે. વાયનાડમાં પણ ૧૩ નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે. મતગણતરી ૨૩ નવેમ્બરે થશે. મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ ૨૬ નવેમ્બરે સમાપ્ત થાય છે, જ્યારે ઝારખંડનો કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ પૂરો થાય છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારના જણાવ્યા અનુસાર, જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીની સુરક્ષા જરૂરિયાતોને કારણે આ મહિનાની શરૂઆતમાં જમ્મુ અને કાશ્મીર અને હરિયાણાની સાથે મહારાષ્ટ્રની

### મહારાષ્ટ્રમાં ૯.૬૩ કરોડ મતદારો મતદાન કરશે, જ્યારે ઝારખંડમાં મતદારોની સંખ્યા ૨.૬ કરોડ

ચૂંટણીઓ યોજાઈ ન હતી. બે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ઉપરાંત ચૂંટણી પંચે ત્રણ લોકસભા અને ઓછામાં ઓછી ૪૭ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની જાહેરાત કરી છે.હરિયાણા વિધાનસભા ચૂંટણી સંબંધિત પરિણામોમાં ઈવીએમની ગેરરીતિઓને લઈને ફરી એકવાર ખાતરી આપવામાં આવી છે કે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે.

પેજર સાથે ઈવીએમની સરખામણી પર મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું છે કે પેજર જોડાયેલ છે, પરંતુ ઈવીએમ કોઈપણ રીતે જોડાયેલ નથી અને તેથી તેને હેક કરી શકાતું નથી. હરિયાણા ચૂંટણી સંબંધિત પરિણામો વિશે બોલતા ચૂંટણી પંચે એક્ઝિટ પોલ પર સવાલો ઉઠાવ્યા છે.

ચૂંટણી પંચે કહ્યું છે કે એક્ઝિટ પોલના ડેટાને કારણે લોકોમાં ભ્રમણાનો માહોલ સર્જાયો છે, ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં મતદારોની સંખ્યા જાહેર કરી છે. મહારાષ્ટ્રમાં ૯.૬૩ કરોડ મતદારો મતદાન કરશે, જ્યારે ઝારખંડમાં મતદારોની સંખ્યા ૨.૬ કરોડ છે.

# SCO બેઠક માટે જયશંકર પાકિસ્તાનમાં

## જયશંકર અને પાકિસ્તાનના PM શહેબાઝ શરીફે પાઠવી શુભેચ્છાઓ: લગભગ નવ વર્ષમાં આ પ્રથમ વખત છે કે જ્યારે ભારતના વિદેશ મંત્રી ઈસ્લામાબાદની મુલાકાતે આવ્યા

નવીદિલ્હી, તા. ૧૫

વિદેશ મંત્રી એસ જયશંકર બુધવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની સમિટમાં ભાગ લેવા માટે મંગળવારે પાકિસ્તાનના ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. જયશંકર અને પાકિસ્તાનના પીએમ શહેબાઝ શરીફે મંગળવારે સાંજે ઈસ્લામાબાદમાં SCO પ્રતિનિધિઓ માટે ડિનર દરમિયાન એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. તેઓએ હૂંફથી હાથ મિલાવ્યા અને ખૂબ ટૂંકી વાત કરી. પાકિસ્તાનના વડાપ્રધાને જીંઘ સભ્ય દેશોના પ્રતિનિધિમંડળના તમામ નેતાઓને શુભેચ્છા પાઠવી હતી. બંને પાડોશીઓ વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલા તણાવ વચ્ચે વર્ષોમાં ભારત તરફથી આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. તેઓ નૂર ખાન એરબેઝ પર ઉતર્યા, જ્યાં દક્ષિણ એશિયા માટે વિદેશ મંત્રાલયના મહાનિર્દેશક ઈલ્યાસ મહમૂદ નિઝામી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું, પાકિસ્તાની વિદેશ કાર્યાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું. લગભગ નવ વર્ષમાં આ પ્રથમ વખત છે કે જ્યારે ભારતના વિદેશ મંત્રી ઈસ્લામાબાદની મુલાકાતે આવ્યા છે ત્યારે આ મુલાકાત એવા સમયે આવી છે જ્યારે કાશ્મીર મુદ્દા અને પાકિસ્તાન તરફથી સરહદ પારના આતંકવાદને લઈને બંને પાડોશી દેશો વચ્ચેના સંબંધોમાં ઠંડક પ્રસરી છે. જયશંકરે સોશિયલ મીડિયા પર ઈસ્લામાબાદના નૂરખાન એરબેઝ પર તેમના આગમનની તસવીરો પણ પોસ્ટ કરી, લખ્યું: ''જીંઘ કાઉન્સિલ ઑફ હેડ ઑફ ગવર્મેન્ટની બેઠકમાં ભાગ લેવા ઈસ્લામાબાદ પહોંચ્યા.'' જાણવા મળ્યું છે કે જયશંકર ૨૪ કલાકથી ઓછા સમય માટે પાકિસ્તાનમાં રહેશે.

SCO કાઉન્સિલ ઑફ હેડ્સ ઑફ ગવર્નમેન્ટ (CHG) ની ૨૩મી બેઠક ૧૬ ઑક્ટોબર, ૨૦૨૪ ના રોજ ઈસ્લામાબાદમાં પાકિસ્તાનની અધ્યક્ષતામાં યોજવામાં આવશે. જીંઘ CHG મીટિંગ વાર્ષિક ધોરણે યોજવામાં આવે



છે અને સંસ્થાના વેપાર અને આર્થિક એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ''વિદેશ મંત્રાલયે મંગળવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. કેન્દ્રિત છે. વિદેશ પ્રધાન ડો. એસ. જયશંકર આ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. SCO માળખામાં વિવિધ મિકેનિઝમ્સ અને પહેલ સહિત જીંઘ ફોર્મેટમાં ભારત સક્રિયપણે સંકળાયેલું છે, નિવેદનમાં જણાવાયું છે. દરમિયાન, ભારત અને પાકિસ્તાન બંનેએ પહેલાથી જ એસસીઓ હેડ ઓફ ગવર્નમેન્ટ સમિટની બાજુમાં જયશંકર અને તેમના પાકિસ્તાની સમકક્ષ ઈશાક ડાર વચ્ચે કોઈપણ દ્વિપક્ષીય વાટાઘાટોને નકારી કાઢી છે.

**૨૪ કલાકથી ઓછા સમય માટે પાકિસ્તાનમાં રહેશે ભારતના વિદેશ મંત્રી**

SCOમાં પાકિસ્તાન, ચીન, ભારત, રશિયા, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને બેલારુસ ઉપરાંત નિરીક્ષકો અથવા ''સંવાદ ભાગીદારો'' તરીકે સંકળાયેલા અન્ય ૧૬ દેશોનો સમાવેશ થાય છે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, ચીનના વડા પ્રધાન લી કિઆંગ, રશિયન વડા પ્રધાન મિખાઈલ મિશુસ્ટિન અને વિદેશ પ્રધાન એસ જયશંકર આ કાર્યક્રમમાં ભાગ લેનારા વરિષ્ઠ પ્રાદેશિક સરકારી અધિકારીઓમાં સામેલ થશે, પીટીઆઈએ અહેવાલ આપ્યો છે.

પાકિસ્તાનની મુલાકાત લેનારા છેલ્લા ભારતીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ હતા. તે ડિસેમ્બર ૨૦૧૫માં અફઘાનિસ્તાન પર એક કોન્ફરન્સમાં ભાગ લેવા ઈસ્લામાબાદ ગઈ હતી. ઓગસ્ટમાં પાકિસ્તાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને SCO સમિટમાં આમંત્રણ આપ્યું હતું.

# IMA દ્વારા આયોજિત રાજકોટ જીમાકોન કોન્ફરન્સમાં CM રહેશે ઉપસ્થિત

## કોન્ફરન્સ નો ઉદઘાટન શનિવારના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે આવશે કરવામાં : બે દિવસ ચાલનારી આ કોન્ફરન્સમાં ૧૫૦૦ થી વધુ તબીબો થશે સહભાગી

રાજકોટ, તા. ૧૫

શનિવારના રોજ ઈન્ડિયન મેડિકલ એસોસિએશાન ગુજરાત દ્વારા રાજ્ય કક્ષાની મેડિકલ કોન્ફરન્સ જીમાકોનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે

શનિવાર અને રવિવાર એમ બે દિવસ આ કોન્ફરન્સમાં ડોક્ટર ગુલેરીયા અને ગુજરાતના અત્યંત જાણીતા હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર તેજસ પટેલ સહિત ચાર પદ્મશ્રી તબીબો સહિત ૧૫૦૦થી વધુ ડોક્ટરો હાજર રહેશે. આ કોન્ફરન્સની જો વાત કરવામાં આવે તો ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ગુજરાતના પ્રમુખ અને રાજકોટના જાણીતા તબિયત ડોક્ટર ભરત કાકડીયા અને જીમાકોનના ચેરમેન ડોક્ટર અતુલ પંડ્યા ના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર આયોજન ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેમાં મળતી માહિતી મુજબ રાજ્યના મુખ્યમંત્રી ઉદઘાટન સમારોહમાં હાજરી આપશે તેવું હાલ જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના રાષ્ટ્રીય સચિવ ડોક્ટર અનિલ નાયક પણ ઉપસ્થિત રહેવાના ગોવાની હાલ વાત સામે આવી રહી છે અને તેઓ સમગ્ર દેશમાં તેમની કાર્ય પદ્ધતિથી એક અલગ જ ઓળખ ઊભી કરી છે. આ બે દિવસના સેમિનારમાં અનેકવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે ત્યારે સિઝન હોટલ ખાતે આયોજિત આ કોન્ફરન્સમાં હૃદયને લગતા અનેક જટિલ પ્રશ્નો અને સમસ્યાનું પણ કેવી રીતે નિવારણ લાવી શકાય તે માટે કામગીરી હાથ ધરાશે.

મળતી માહિતી મુજબ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન મોદીના ૨૩ વર્ષના કાર્યકાળમાં જે સિદ્ધિઓ મેડિકલ ક્ષેત્રે હાંસલ કરી છે તે અંગે પણ તબીબો સમક્ષ વિગતવાર ચર્ચા કરવામાં આવે તેવું ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સૂત્રો જણાવી રહ્યા છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આયોજિત આ કોન્ફરન્સ અનેકવિધ રીતે અત્યંત ઉપયોગી અને મહત્વની માનવામાં આવી રહી છે.

હાલ લોકોની બદલતી જીવનશૈલીના પગલે હૃદય રોગના અનેકવિધ કિસ્સાઓ સામે આવી રહ્યા છે સામે હૃદય રોગથી અનેક લોકો પોતાના જીવ પણ ગુમાવે છે આ વિકટ પરિસ્થિતિમાંથી કેવી રીતે કોઈ દર્દી બહાર નીકળી શકે અને કયા પ્રકારની તેઓએ પરેજી પાડવી તે માટેની આ કોન્ફરન્સ તબીબો માટે આશીર્વાદરૂપ નિવડશે તેવું ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના હોદ્દેદારો જણાવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આ વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા હોવાથી હાલ સમગ્ર તૈયારીઓને ઈન્ડિયન મેડિકલ એસોસિએશાન દ્વારા આખરી ઓપ પણ આપવામાં આવી રહ્યો છે અને તૈયારીમાં કોઈપણ પ્રકારની ચુક ન રહી જાય તે માટેની વિશેષ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

ચીયર્સ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા આયોજિત
ઈન્ડો - અમેરિકન સ્પાઈન કેમ્પ
cheers Multi Speciality Hospitals
ઈન્ડો - અમેરિકન નિષ્ણાંત સર્જનો દ્વારા દૂરબીન વડે સારવાર, રાહતદરે આપવામાં આવશે.




કેમ્પની તારીખ
અમદાવાદ ખાતે
૧૫,૧૬,૧૭ ઓકટોબર
(ઓ.પી.ડી.નો સમય : ૧૨ થી ૭)
(સર્જરી ના દિવસો - ૧૭, ૧૮ ઓકટોબર

Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy (Pune, USA, Japan)

લાંબો સમય ઉભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?
પગમાં કે કમરમાં દુ:ખાવો થવો, પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી, ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો.
''આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસિસ હોઈ શકે છે''
મેડિક્લેઈમ માન્ય સારવાર
સ્પાઈનલ સ્ટેનોસિસ/સ્લીપ ડિસ્ક - સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર
દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર
:: ફાયદાઓ ::
- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી. (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી. (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી.)
- ઓપરેશન બાદ થોડી વારમાં રજા (મોટી ઉમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશિર્વાદ રૂપ)

મેડિક્લેઈમની સુવિધા ઉપલબ્ધ છે
રજીસ્ટ્રેશન ફી ફક્ત ૧૦૦/-
જુના રિપોર્ટ સાથે લાવવા જરૂરી છે.
અમદાવાદ માં એપોઈન્ટમેન્ટ માટે +૯૧ ૯૯૯૮૮૧૮૧૪૮/+૯૧ ૭૭૭૯૦૧૦૦૯૦
૩૦૧, ત્રીજો માળ, સ્વપ્રિલ-૫, કોમેર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯

# ફાયર NOC હશે તો જ ફટાકડા વેંચી શકાશે

## છુટક ફટાકડા વેપાર પર મુકાશે પ્રતિબંધ : જોવાનું રહ્યું કે નિયમનું પાલન શક્ય થાય છે કે કેમ ?




રાજકોટ, તા. ૧૫

ટીઆરપી અગ્નિ કાંડ ની ઘટના બાદ ટીપી શાખા હોય કે પછી ફાયર વિભાગ હોય આ બંને વિભાગ સફાળે જાગી ગયા છે અને શહેરમાં ભવિષ્યમાં આ પ્રકારની કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે હાલ તમામ નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટેની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. હાલ મળતી માહિતી મુજબ હાઈરાઈઝ બિલ્ડીંગ હોય કે પછી કોઈ શાળા અથવા કોલેજ આ તમામ જગ્યાઓ પર ફાયર એનઓસી હોવી ખૂબ જરૂરી છે તે માટે પાર વિભાગ દ્વારા આંકરા પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે ત્યારે હવે દિવાળીને ગણતરીના જ દિવસો બાકી રહેતા ફટાકડાના વેપાર કરતાં વેપારીઓ દ્વારા ફાયર એનઓસી નું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે માટે હાલ મહાનગરપાલિકા દ્વારા આકરા નિયમો પણ બનાવવામાં આવ્યા છે.

બીજી તરફ ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવે દ્વારા હાલ રાજીનામું આપી દેવાની ઘટના ઘટી છે છતાં દિવાળી તહેવાર હોવાના કારણે હાલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા તેમનું રાજીનામું મંજૂર કરવામાં આવ્યું ન હોવાની વાત હાલ વહેતી થઈ છે. ફાયર વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર દિવાળી તહેવારમાં નાના-મોટા ધંધાર્થીઓ પણ હવે યોગ્ય નિયમોનું અનુસરણ કરે તે માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરવા માટેનો તખતો તૈયાર કરી દેવામાં આવ્યો છે. ફાયર વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ બાંધકામ અને ફાયર સેફ્ટી ના નિયમોનું યોગ્ય પાલન કરાવવા માટે મહાનગરપાલિકા દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે દિવાળી તહેવારમાં ફટાકડા નો વેપાર કરતાં વેપારીઓ દ્વારા ફાયર સેફ્ટી વગર વેપાર ન કરવા દેવા માટેનું ફરમાન પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ નાના-મોટા ધંધાર્થીઓને આ નિયમોનું પાલન કરાવવા માટે આ વખતે ફાયર વિભાગ સજ્જ થયું છે. દર દિવાળીના તહેવારે અથવા તો તહેવાર પહેલાં નાના ધંધાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં ફટાકડાનો વેપાર કરતા હોય છે તો સામે અનેક બજારોમાં છૂટક ફટાકડા ની માર્કેટ પણ ભરાતી હોય છે પરંતુ હવે ફાયર સેફટી વગરના સ્થળોએ ફટાકડા વેચવા મંજૂરી ન આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે ત્યારે આ પ્રકારની ખુલ્લી બજાર ભરાશે કે કેમ તે પણ હવે ચર્ચાનો વિષય છે. ફાયર વિભાગ ની ટીમ દ્વારા એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે પણ જોખમી જગ્યા લાગશે તે જગ્યાએ એનઓસી આપવામાં નહીં આવે તો સામે પોલીસ વિભાગ પણ મન્સૂરી આપવા માટે સખત વલણ અપનાવે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે. આ વખતે એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે સલામતીના અભાવે ફટાકડા વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે અને આ નિયમનો કોઈ ઉલારીયો કરશે તો તેઓને દંડિત પણ કરાશે. દર વર્ષે રાજકોટમાં આસો મહિનામાં ફટાકડાના જથ્થાબંધ ખરીદ-વેચાણ થવા લાગે છે. તે બાદ છેલ્લા દિવસોમાં છુટક ફટાકડા બજાર ભરાય છે. વર્ષોથી જુદા જુદા વિસ્તારમાં ફટાકડાના સ્ટોર પણ ઉભા કરવામાં આવે છે. કેટલાક મેદાન અને ચોકમાં ફટાકડા વેંચાતા હોય છે. ત્યાં દેખીતી નજરે ફાયર સેફટીના સાધનો હોય છે પરંતુ તંત્રવાહકો નાના ધંધાર્થીઓની રોજી ધ્યાને રાખી નિયમોની અમલવારી હળવી રાખે છે. ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ફટાકડાના સ્ટોલ માટે હાલ ૨૧૨ જેટલી અરજીઓ આવેલી છે તે પૈકી અત્યાર સુધીમાં માત્ર ૬૭ અરજીઓને જ ગ્રાહ્ય રાખવામાં આવી છે જ્યારે અન્ય અરજીઓ ચકાસણી અથવા તો પૂરતી સલામતી સુવિધા ન હોવાના કારણે પેન્ડિંગ રાખવામાં આવેલી છે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર જુદા જુદા આઠ ફાયર સ્ટેશન વિસ્તારમાંથી ફટાકડાના ધંધા કરવા માટે અરજી સ્વીકારવામાં આવે છે.

રાજકોટ શહેરમાં આવેલા કનક રોડ વિસ્તારમાં ૪૭ અરજીઓ આવી હતી જે પૈકી ૩૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે તો બીજી તરફ કોઠારીયા વિસ્તારમાં કુલ ૨૮ અરજી માંથી છ અરજીને માન્યતા મળી છે. કાલાવડ રોડ સ્ટેશનની વાત કરવામાં આવે તો ૨૦ અરજીઓ પૈકી ચાર અરજી, મોરબી રોડમાં ૧૯ અરજીઓ પૈકી પાંચ અને રેલનગર વિસ્તારમાં ૨૬ અરજીઓ પૈકી ૨૨ અરજીઓ ને મંજૂર કરવામાં આવી હોવાનું ફાયર વિભાગ ના સૂત્રો જણાવી રહ્યા છે. બેડીપરા ફાયર સ્ટેશનમાં ૨૫, મવડીમાં ૩૫ અને રામાપીર ચોક ફાયર સ્ટેશનમાં થયેલી ૧૨ પૈકી કોઇ અરજીને હજુ મંજૂરી અપાઇ નથી. ફાયર એનઓસી હોય તે દુકાનને પોલીસની મંજૂરી મળે છે. કોર્પો. માં હજુ આ કામગીરી ધીમી ગતિએ ચાલે છે. ઇન્ચાર્જ ફાયર ઓફિસર સહિતનો સ્ટાફ ઓછો પડતો હોય, અરજીના વેરીફીકેશનમાં વધુ સમય જઇ રહ્યો છે. જે અગાઉના વર્ષોમાં ખુબ ઓછો (ધડાધડ) ચાલતો હતો. માત્ર કોર્પો. બિલ્ડીંગ પાછળના કનક રોડ ફાયર સ્ટેશનના બદલે વિસ્તારવાઇઝ અરજી કરવા વિભાગ દ્વારા ધંધાર્થીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

### નાના વેપારીઓ લવિંગિયા અને ફલજર વેચે એમાં કોઈ હોનારત ન થાય, અગ્નિકાંડ અધિકારીઓના પગલે થયું'તું

મહાનગરપાલિકા ના ફાયર વિભાગ દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તે અત્યંત ચોંકાવનારો છે કારણ કે જે રીતના નિયમમાં નાના વેપારીઓને પણ ફટાકડા વેચવા હોય તો ફાયર એનઓસી લેવાની જે વાત કરી છે તે અત્યંત પાયા વિહોણી છે જેને લઈને વ્યાપારી આલમમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે. વેપારીઓનું માનવું છે કે જે રેકડી ઉપર નાના લવિંગિયા અથવા તો ફલઝર જેવા ફટાકડા વેચતા હોય તેમાં થી કોઈ મોટી હોનારત ન થાય અને હાલ જે નિર્ણય લેવામાં આવ્યા છે તેની પાછળનું મુખ્ય કારણ અગ્નિકાન છે પરંતુ તે ઘટના તો અધિકારીઓ ના કારણે ઘટી હતી ત્યારે તેની અસર નાના વેપારીઓ ઉપર પાડવાનો કોઈ અર્થ નથી. આ અંગે અનેકવિધ પ્રકારે ચર્ચા વિચારણા થઈ રહી છે. કારણ કે નાના વેપારીઓ માટે તે તેમની આજીવિકા છે અને તેનાથી જ તેમનું ઘર ચાલતું હોય છે ત્યારે આ પ્રકારના નિર્ણયો તેમને આર્થિક રીતે પણ નુકસાન પહોંચાડે છે જે અયોગ્ય છે.












# વિકાસ સપ્તાહ અંતર્ગત રાજકોટને ૨૦૦ કરોડથી વધુના વિકાસ કામોની મળી ભેટ

## રાજ્યમાં રૂ.૨૦૦૦ કરોડથી વધુ રકમના અનેકવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

રાજકોટ, તા. ૧૫

ગુજરાત જે રીતે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેને લઈને આગામી દિવસોમાં હજુ પણ વિકાસ કામો હાથ ધરાશે એવું હાલ માનવામાં આવી રહ્યું છે એટલું જ નહીં વડાપ્રધાન મોદીના ૨૩ વર્ષના કાર્યકાળ દરમિયાન રાજ્યમાં જે પણ વિકાસ થયા હોય તે અંગેની ખાસ અને વિશેષ ઉજવણી પણ કરવામાં આવી ત્યારે ગઈકાલે મહાત્મા મંદિર ખાતે રાજ્યના તમામ મુખ્ય મહાનગરો ના સત્તાધિશો તથા પદાધિકારીઓને બોલાવવામાં આવ્યા હતા જેમાં રાજકોટના કુલ રૂપિયા ૨૦૦ કરોડથી વધુના વિકાસ કામોને મુખ્યમંત્રીના વરદ હસ્તે લોકાર્પણ અને ખાતમુહુર્ત પણ કરવામાં આવ્યું હતું.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ગુજરાત સરકારના વિવિધ વિભાગોના રૂ.૨૦૦૦ કરોડથી વધુ રકમના વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમૂહૂર્તકાર્યક્રમ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયો હતો. ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના રૂ.૨૧૫.૨૫ કરોડના કુલ-૪૨ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. ભારતના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલા ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ પ્રથમવાર મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીના સફળ અને સક્ષમ નેતૃત્વ હેઠળ ગુજરાત રીન્યુએબલ ઉર્જાના પર્યાય તરીકે સ્થાપિત, ઉર્જાશક્તિ-જળશક્તિ-જ્ઞાનશક્તિ-જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃત ગુજરાત, સૌથી ઊંચા સ્ટેચ્યુ અને સૌથી મોટા સ્ટેડિયમથી ગૌરવાન્વિત ગુજરાત, ૨૪ કલાક વિજળીની સંકલ્પનાથી સાકાર ગુજરાત, ગરબા-ધોરડો અને સ્મૃતિવનથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત ગુજરાત, ગીફ્ટ-ડાયમંડ બુર્સ અને ઢોલેરો છે ગુજરાતના વિકાસના નિમિત, દેશના ગ્રોથ એન્જીન તરીકે પ્રસ્થાપિત ગુજરાત અને પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રીવન સ્ટેક તરીકે સ્થાપિત ગુજરાત વગેરે જેવા પર્યાયથી ગુજરાત વિકસિત ભારતના નિર્માણ માટે સમર્પિત થયેલ છે ત્યારે આ ૨૩ વર્ષની વિકાસ ગાથાને વિકાસ સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી. આ વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત થીમેટીક દિવસો, વિકાસ પદયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વિકાસ પ્રદર્શન, સોશ્યલ-ડીઝીટલ મીડિયા ઝુંબેશ, સફળતાની વાર્તાઓ, યુવા વર્ગની સહભાગિતા, કલા સ્થાપત્ય, વિકાસ રથ, ગુજરાત વિકાસ ઈનોવેશન એક્સ્પો, ગુજરાતના મહત્વના સ્થળોનું સુશોભન, ભીંત ચિત્રો, શાળાઓમાં પ્રવચનો અને ક્વિઝનું આયોજન વગેરે કાર્યક્રમો કરવામાં આવ્યા. જે અંતર્ગત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે, પાણી પુરવઠા વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, નર્મદા જળ સંપતિ તથા ગૃહ વિભાગના એક સાથે રૂ.૨૦૦૦ કરોડથી વધુ રકમના અનેકવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્તકાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના રૂ.૨૧૫.૨૫કરોડના કુલ-૪૨ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના મંત્રીઓ, સાંસદઓ, ધારાસભ્યઓ, રાજ્યની વિવિધ મહાનગરપાલિકાના મેયરઓ, જીલ્લા પંચાયત-તાલુકા પંચાયત તથા નગરપાલિકાના પ્રમુખઓ, તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા,ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ,શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટના વિવિધ વિકાસ કામોની યાદી

૧ ઇલેક્ટ્રિક બસ ચાર્જીંગ સ્ટેશન, રૈયા સ્માર્ટ સિટી ૭.૯૨ લોકાર્પણ

૨ બાંધકામ વિભાગના કુલ-૨૫ કામો ૧૦૧.૮૯ ખાતમુહૂર્ત

૩ ડ્રેનેજ વિભાગના કુલ-૫ કામો ૫૨.૨૩ ખાતમુહૂર્ત

૪ વોટર વર્કસ વિભાગના કુલ-૧૧ કામો ૫૩.૨૧ ખાતમુહૂર્ત કુલ રૂ. ૨૧૫.૨૫

## અટકે ઇ બીજા...ઠગભગતોની ગામને છેતરવાની ગાડી સતત ટોપ ગીયરમાં

# હીરાના વેપારીને બીજા વેપારીએ લગાવ્યો લાખોનો ચૂનો

## સારી પાર્ટી આવી છે...કહી બાકીમાં બાવીસ લાખના હીરા મંગાવ્યા પછી ન તો નાણા દીધા કે ન તો હીરા પાછા દીધા

(દર્શનસિંહ જાડેજા)

રાજકોટ: ગઠીયાગીરી આચરી ગામને છેતરી લેવાની ઘટનાઓ રોજીંદી બની ચુકી છે. અહિ કોણ ક્યારે કોને કઇ રીતે છેતરીને લાખો કરોડો ખંખેરી લે તેની ખબર પડતી નથી. પણ એક વાત નક્કી જ હોય છે કે રોજ નવી સવાર સાથે નવા નવા ઠગાઇના કિસ્સા અચુક પોલીસ સ્ટેશનોમાં નોંધાઇ ચુક્યા હોય છે. વધુ એક આવા બનાવમાં હીરાના વેપારીએ બાવીસ લાખના હીરા ઉધારમાં લઇ પાછા ન આપી છેતરપીંડી કરી લીધાનો મામલો સામે આવ્યો છે. સારી પાર્ટી આવી છે, મોટા માલની જરૂર છે તેમ કહી વેપારીને બીજા વેપારીએ ભોળવી ઉધારમાં લાખોના હીરા મેળવી લીધા હતાં. પણ પછી નક્કી થયેલા સમય મુજબ નાણા ન ચુકવી અને હીરા પણ પાછા ન આપી ઠગાઇ કરતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો શર્મા ગોળદોર વિસ્તાર ખાતે રહેતા ડાયમંડના વેપારી આકાશભાઈ દોશી મહિધરપુરા હીરા બજાર ત્રિવેણી બિલ્ડીંગમાં અક્ષય જેમ્સના નામે વેપાર કરે છે. એક વર્ષ પહેલા ઇરાદા લાલ ચિરાગ મારફતે તેઓની મુલાકાત મુંબઈ શહેરમાં રહેતા સુનિલ શાહ સાથે થઈ હતી. સુનિલ આકાશ પાસેથી રોકડામાં હીરા ખરીદી પહેલા વિશ્વાસ કેળવી લીધો અને ત્યારબાદ પોતાની પાસે સારી પાર્ટી આવી હોવાનું કહી ઉધારમાં હીરાની માંગણી કરી હતી. આકાશને વિશ્વાસ આવી જતા તેણે ૫૬.૩૪ કેરેટ હીરા કે જેની કિંમત ૨૧.૯૬ લાખ રૂપિયા હતી તે ઉધારીમાં આપ્યા હતા. આહીરા વેચીને એક અઠવાડિયામાં પેમેન્ટ કરી હોવાનું સુનિલે જણાવ્યું હતું. જોકે વેચાણ નહીં થાય તો હીરા પરત કરવાની પણ ખાતરી આપી હતી.

ત્યારબાદ એક અઠવાડિયુ થતાં આકાશે જ્યારે સુનિલ પાસે પેમેન્ટની માંગણી કરી ત્યારે તેણે ગલ્લા તલ્લા શરૂ કરી દીધું હતું. હીરા બીજાને વેચી દીધા હોવાનું અને પેમેન્ટ નહીં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આખરે સુરતના વેપારી આકાશે મુંબઈના વેપારી સુનિલ સામે મહિધરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.



### એટીએમમાં કાર્ડ બદલી ઠગાઇ કરતો ગઠીયો ફરી પટમાં આવ્યો: વૃધ્ધને છેતરી કાર્ડ બદલી નાણા ઉપાડી લીધા

ઠગાઇના બીજા બનાવમાં વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા વૃદ્ધ મુજમહુડા પાસેના એટીએમમાં રૂપિયા ઉપાડવા માટે ગયા હતા. પરંતુ રૂપિયા નહી ઉપડતા મદદ કરવાના બહાને ગઠિયાએ વૃદ્ધનું ખ્દ્ભ કાર્ડ બદલી તેનો પિન પણ મેળવી લીધો હતો. ત્યારબાદ તેમના ખાતામાંથી રૂપિયા ૪૦ હજાર બારોબાર ઉપાડી લીધા હતા. જેથી વૃદ્ધે જે.પી રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના અકોટા ગાર્ડન પાસે આવેલી રાધાકૃષ્ણ પાર્કમાં રહેતા પંચોતેર વર્ષના ચંદ્રવદન ભોગીલાલ દસાડિયા નિવૃત જીવન ગુજારે છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ૧૩ ઓક્ટોબરના રોજ સવારના દસેક વાગ્યાના અરસામાં મારે રૂપીયાની જરૂર પડતા હુ એટીએમ લઈને પીએફ ઓફીસ રોડ ઉપર આવેલા એસબીઆઈ બેંકના એટીએમ પર ગયો હતો અને ત્યા જઈ એ.ટી.એમ મારફતે રૂપીયા ઉપાડવાનો પ્રયાસ કરતા રૂપીયા ઉપડતા ન હતા. ત્યારબાદ હું રીલાયન્સ મોલની સામે ઓપી.રોડ ખાતે એટીએમ પર મારફતે રૂપીયા ઉપાડવાનો પ્રયાસ કરતા ત્યાં પણ રૂપીયા ઉપડયા ન હતા.

જેથી હું મુંજમહુડા સર્કલ ખાતે આવેલ એસબીઆઈ બેંકના એટીએમ ખાતે સાડા દસેક વાગ્યાના અરસામાં ગયો હતો. જ્યાં મેં ચાર પાંચ વખત ખ્દ્ભ મશીનમાં કાર્ડ નાખી રૂપીયા ઉપાડવા પ્રયત્ન કરવા છતાં રૂપીયા નહી ઉપડતા ત્યાં બાજુમાં એટીએમ મશીનના કેબીનમાં એક ઇસમ હાજર હોય રૂપીયા નહી ઉપડતા જોઈને મને જણાવવા લાગ્યો હતો કે હવે એટીએમમાં આ સ્વીચ દબાવો અહી ટચ કરો.તેમ જણાવી અમને રૂપીયા ઉપાડવા બાબતે શીખવાડવા લાગ્યો હતો અને મશીનમાંથી મને રૂપીયા ઉપાડી આપશે એવી મદદના બહાને તે ઇસમે મારુ એટીએમ કાર્ડ તેના હાથમાં લઈ એટીએમ મશીનમાં નાખી ત્રણથી ચાર વખત પ્રોસેસ કરી મને જણાવેલ કે તમારા રૂપીયા ઉપડતા નથી કહી મને હાથમાં એક એટીએમ કાર્ડ આપ્યું હતું. જે લઈને ઉર્મી સોસાયટી ગાયસર્કલ ખાતે આવેલ એસબીઆઈ બેંકના એટીએમ ખાતે ગયો હતો અને ત્યાં પણ રૂપીયા ઉપાડવાનો પ્રયાસ કરતા રૂપીયા ઉપડેલ નહી જેથી હું મારા ઘરે જતો રહ્યો હતો. ત્યારબાદ મારા મોબાઇલ ફોનમા મારા એકાઉન્ટમાંથી રૂપીયા ૧૦ હજાર ઉપડી ગયાનો મેસેજ આવતા મેં કાર્ડ બ્લોક કરાવી દીધું હતું. ત્યારબાદ પણ અમારા એકાઉન્ટમાંથી કુલ રૂ.૪૦ હજારનું ટ્રાન્જેકશન થયા હોવાનું જણાયું હતું. મેં મારી પાસે રહેલ એ.ટી.એમ. કાર્ડ ચેક કરતા તે કાર્ડ દિલીપ કુમારનું લખેલુ હતું. આમ ગઠિયાએ એટીએમ કાર્ડ બદલી નાખી કાર્ડ દ્વારા વિવિધ એટીએમમાંથી રૂપિયા ઉપાડી મારી સાથે છેતરપિંડી આચરી છે. જે.પી રોડ પોલીસે ગુનો નોંધી ગઠિયાની શોધખોળ હાથ ધરી હતી.

### ઇન્ટરનેટ અને વિજ્ઞાનના યુગમાં પણ અમુક લોકો અંધશ્રધ્ધામાં કરે છે આંધળુકીયા

# ભુવાની કરતૂતથી શરીરનો દુઃખાવો તો દૂર ન થયો જીવ જતો રહ્યો!

## પરિણીતાને શરીર દુઃખતું હોઇ ડોક્ટર પાસે લઇ જવાને બદલે ભુવા પાસે લઇ જવાતાં તેણે વિધીના નામે આંકડાના મુળનો રસ પીવડાવતાં મોત થયું

**(દર્શનસિંહ જાડેજા)**

રાજકોટઃ દેશ દુનિયા આજે ઇન્ટરનેટ અને વિજ્ઞાનના યુગમાં જીવે છે. આમ છતાં અનેક એવા લોકો છે જે અંધશ્રધ્ધામાં આંધળુકીયા કરે છે અને પછી પેટ ભરીને પછતાવો કરે છે. અનેક એવા ગઠીયાઓ હોય છે જે લોકોને વિધીના નામે છેતરી જાય છે. તાજેતરમાં જ રાજકોટ તાલુકા પોલીસે ઘરમાંથી નડતર દુર કરવાના બહાને યુવાન, તેના માતા અને પત્નિને બેભાન કરી ચોરી કરી જવાના કિસ્સામાં ગઠીયાને પકડી લીધો હતો. ત્યાં હવે એવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક ભુવાએ એક પરિણીતાને વિધીના નામે પાણી પીવડાવ્યા બાદ તેણીની તબીયત લથડી હતી અને મોત થઇ ગયું હતું. પાણી સાથે કહેવાતા ભુવાએ આંકડાના પાનનો રસ ભેળવીને આપ્યો હતો. પરિણીતાને શરીરમાં દુઃખાવો થતો હોઇ તેને ડોક્ટર પાસે લઇ જવાને બદલે ભુવા પાસે લઇ જવાઇ હતી. જ્યાં વિધીના બહાને તેણીને પાણી અપાતાં દુઃખાવો દૂર થવાને બદલે ઠામુકો જીવ જતો રહ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજ્યમાં સતત વધી રહેલા અંધશ્રદ્ધાના બનાવોને ડામવા માટે રાજ્ય સરકારે અંધશ્રદ્ધા વિરોધી કાયદો અમલમાં મૂક્યો છે. પરંતુ તેમછતાં હજુ આંતરિયાળ વિસ્તારોમાં ક્યારે ડાકણ હોવાનો વહેમ રાખી ભુવા પાસે વિધિ કરાવવા પહોંચી જતા હોય છે, ત્યારે કેટલાક કિસ્સાઓમાં જીવ ગુમાવવાની નોબત આવે છે. ત્યારે આવો જ એક કિસ્સો મહિસાગરના મોટા ખાનપુરમાં અંધશ્રદ્ધાએ પરણિતાનો ભોગ લીધો છે.

પોલીસે જાહેર કરેલી વધુ માહિતી અનુસાર મહિસાગરના મોટા ખાનપુરમાં એક એકવીસ વર્ષીય પિન્કીબેન રાવળ નામની પરણિતા અંધશ્રદ્ધાનો ભોગ બની છે. આ પરિણિતાને શરીરમાં દુખાવો થતો હોવાથી પરિવારજનો તેને હોસ્પિટલ લઇ જવાના બદલે સગા-સંબંધીઓના કહેવાથી ભુવા પાસે લઇ ગયા હતા. માલપુરના પીપરાણા પાસે ભુવાજી રહેતા હોવાથી પરણિતાને ત્યાં લઇ ગયા હતા.

અહિ કહેવાતી વિધીના નામે ભુવાએ કહેવાતા મંત્રોચ્ચાર કર્યા હતાં. ત્યારબાદ ભુવાજીએ પરણિતાને આકડાં મૂળ પીવડાવતાં પરણિતાની તબિયત બગડી હતી અને બેભાન થઇ ગઇ હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો. પરણિતાની હાલ વધુ ખરાબ થતાં તેને સારવાર અર્થે પહેલાં મોડાસા લઇ જવામાં આવી હતી. ત્યારબાદ વડોદરા અને પછી અમદાવાદ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે પરણિતાનો જીવ બચી શક્યો ન હતો અને પરણિતાએ અંતિમ શ્વાસ લીધા હતા.



**અંધશ્રદ્ધાનું આચરણ કરનાર કે કરાવનાર વિરૂધ્ધ કડક કાયદાના અમલની વાતો વચ્ચે બની ચોંકાવનારી ઘટના**

ઉલ્લેખનિય છે કે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ચોમાસું સત્ર દરમિયાન વિધાનસભામાં અંધશ્રદ્ધાવિરોધી બિલ રજૂ કરવામાં આવ્યું હતું. બિલ મુજબ અંધશ્રદ્ધા કરાવનાર, ઘડનાર અને આચરણ કરનાર, કરાવનાર કે દુષ્પ્રેણા આપનાર સામે કાયદેસરની કાર્યાવાહી કરવામાં આવશે. આમાં અંધશ્રદ્ધાનું આચરણ કરનાર કે કરાવનારને જામીન નહીં મળવાની સાથે છ માસથી લઇ સાત વર્ષ સુધીની કેદ, પાંચ હજારથી પચાસ હજાર સુધીના દંડની જોગવાઈ છે. જો કે, આસામ, કર્ણાટક, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અંધશ્રદ્ધા નિર્મૂલન સંબંધિત કાયદાના અમલ પછી ગુજરાતમાં આ પ્રકારનો કાયદો અમલમાં આવતાં તેરમું રાજ્ય બનશે. જો કે આ બધા વચ્ચે વધુ એક જીવનો અંધશ્રદ્ધાને કારણે જીવનદીપ ઓલવાઇ ગયો છે.

ઉલ્લેખનિય છે કે થોડા દિવસો પહેલા ભિલોડા તાલુકાના રામપુરી ગામે મહિલા ડાકણ હોવાનો વહેમ રાખી તેના કુંટુંબીએ ગોળી મારી મોત નીપજાવ્યું હોવાની ઘટના બાદ મહીસાગર જિલ્લાના ખાનપુર ગામની પરિણીતાને શરીરે દુઃખાવાની પીડાનું દર્દ પજવી રહયું હોઈ સગા સંબંધીઓ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા પીપરાણા પંથકના એક ભુવા પાસે લાવ્યા હતા.

આ ભુવાએ તાંત્રિક વિધી હેઠળ આ મહિલાને આકળાના મૂળનું પાણી પીવડાવતાં આ મહિલાની તબીયત લથડી હતી અને લુણાવાડા, વડોદરા અને ત્યાર બાદ સારવાર અર્થે મોડાસા લવાઈ હતી. શરીરમાં વ્યાપક પ્રમાણમાં ઝેર પ્રસરી જતાં આ મહિલાને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવાઈ હતી.

જયાં તેનું મોત નીપજયું હતું. મૃતકના પરીવારજનો દ્વારા પોસ્ટ મોર્ટમ માટે મૃતદેહને લઈ જવાયો હતો અને ભૂવા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવા તજવીજ હાથ ધરાઈ હતી.

### ૧૬ ઓક્ટોબર વિશ્વ સ્પાઇન દિવસઃહેલ્ધી સ્પાઇન આ વર્ષની થીમ

# દૂરબીન વડે-ન્યુરોમોનિટરિંગ સર્જરી દર્દીઓ માટે આશીર્વાદરૂપ

## મોટાભાગે સ્પાઇનની તકલીફમાં વગર ઓપરેશને સારવાર શક્યઃડો.જિગરસિંહ જાડેજા

પહેલું સુખ તે જાતે નારીયે કહેવતનો અર્થ આપણા શરીર સ્વાસ્થ્યનું સુખ આપણે જાતે રાખવાનું હોય છે. હાલના સમયમાં નાની વ્યય થી લઈ મોટી ઉંમર સુધીના લોકોમાં સ્નાયુના,દુખાવા કરોડરજ્જુના દુખાવાઓના પ્રશ્નોની સમસ્યાઓ વધી રહી છે.દર વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ વર્લ્ડ સ્પાઈન ડે ઊજવવામાં



આવે છે. કરોડરજ્જૂના રોગ વિશે જાગૃતતા લાવવા માટે આ દિવસની ઊજવણી કરવામાં આવે છે. રાજકોટ વોકાર્ડ હોસ્પિટલના ન્યુરો અને સ્પાઇન સર્જન ડો.જીગરસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર મોટાભાગે સ્પાઇનની તકલીફમાં વગર ઓપરેશને સારવાર દવા તથા કસરતની મદદથી શક્ય બને છે.

સામાન્ય રીતે સ્પાઇન ના ઓપરેશન બાદ દર્દીને એક દિવસ પછી ચાલવાનું કહેવામાં આવે છે પરંતુ ઓપરેશન બાદ પ્રોપર રિકવરી ૧ થી ૩ મહિના અંદરમાં શક્ય બને છે. સ્પાઇન સર્જરી બાદ મોટાભાગે દર્દીઓ રોજિંદા જીવન જીવી શકે છે. સ્પાઇન સર્જરી બાદ હવે કોઈ પેરાલીસીસ થવાની શક્યતાઓ રહેતી નથી. લેટેસ્ટ ટેકનોલોજી

દૂરબીનથી સર્જરી અને ન્યુરોમોનિટરિંગ સર્જરી વડે સર્જરી દર્દીને જ્યારે કરવામાં આવે છે ત્યારે કોઈપણ પેરેલીસીસ થવાની સંભાવના દર્દીને રહેતી નથી.શરીરના સ્ટ્રક્ચરનો મુખ્ય સપોર્ટ કરોડરજ્જુ (સ્પાઇન) મારફત હોય છે.ગર્દનનો દુખાવો, કમરનો દુખાવો,હાથ પગમાં ખાલી ચડાવી,ઝણઝણાટી વગેરે તકલ્ફી સ્પાઈન સંબંધતી છે. આ પ્રકારની તકલીફો જે વ્યક્તિને રહે છે તેને ન્યુરો અને સ્પાઇન સર્જનને અચૂક બતાવવું જરૂરી છે.સ્પાઇનના ઓપરેશનમાં ૯૫ થી ૯૦ ટકા સુધી કોઈ તકલીફો થવાની સમસ્યાઓ ઉદભવતી નથી.સર્જરી બાદ રાખવાની કાળજી હેવી વર્ક અને લાંબી મુસાફરી કરવાનું ટાળવાની રહે છે.સ્પાઈનના જૂજ કેસોમાં જ સ્ક્રુ નાખવાની જરૂર પડે છે.મણકા આધા પાછા ખસી ગયા હોય એવા જ સંજોગોમાં સ્ક્રુ નાખવાના રહે છે. હેલ્ધી સ્પાઇન રાખવા માટે લાંબો સમય કામ કરી રહ્યા છો ત્યારે કમર અને ગરદનની પોસચર સરખી રાખવી,રાત્રિના ઊંઘતિ વખતે પતલા ઓશીકાનો જ ઉપયોગ કરવો,હેલ્થી ડાયેટ લેવી જરૂરી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# તાંડવ કરજો જયશંકરજી

## ૯ વર્ષ બાદ ભારતના વિદેશ પ્રધાન પાકિસ્તાન પહોંચ્યાં : નિર્ણાયક પગલાં અનિવાર્ય



પોરબંદરના દરિયા કિનારે ભારતના ગૌરવવંતા સૈન્યની ત્રણેય પાંખો તાકાતનો પરચો દેખાડશે. નેવી, એરફોર્સ, આર્મી ૧૮ નવેમ્બરથી ત્રણ દિવસ દિલધડક કવાયત કરશે. આ કાર્યક્રમમાં મોદીજી, રાજનાથસિંહજી તથા વિદેશી મહેમાનો પધારનાર છે. દરિયા કિનારેથી પાકિસ્તાન-ચીનને પણ સંદેશ પહોચશે.

ભારતમાં મોદી સરકાર રચાયા બાદ માથાભારે પડોશી દેશો પ્રત્યે આક્રમક નીતિ અમલમાં આવી છે. ત્રાસવાદના સહારે જીવતું પાકિસ્તાન લગભગ બરબાદ થઇ ગયું છે. ભારતમાં કાશ્મીરને બાદ કરતા લગભગ ત્રાસવાદી પ્રવુત્તિ અટકી ગઈ છે.

આંતરિક ઉથલ પાથલમાં અટવાઈ ગયેલા પાકિસ્તાને હજુ ભારત પ્રત્યેની નીતિમાં કોઈ બદલાવ નથી કર્યો. ત્યાંથી નેગેટીવ ઉર્જા સતત વહેતી રહે છે.

આ માહોલમાં પાકિસ્તાનમાં એસ.સી.ઓ. એટલેકે શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટનો ગઈકાલે પ્રારંભ થયો છે. નવ વર્ષ બાદ ભારતના વિદેશ મંત્રી જયશંકરજી પાકિસ્તાન પહોંચ્યા છે. રોમાંચક માહોલ છે.

પાકિસ્તાન જોખમી દેશ છે. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં વિવિધ દેશોની હાજરીમાં કંઈ ભાંગફોડ ન થાય ટે માટે ઈસ્લામાબાદમાં લોકડાઉન જાહેર કરી દેવાયું છે. સજ્જડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. સમિટમાં આજે જયશંકરજી સંબોધન કરનાર છે. પાકિસ્તાન પ્રત્યેની મોદી સરકારની નીતિ સટીક રહી છે. વિદેશ પ્રધાન એસ. જયશંકરજી ખુબ અભ્યાસુ અને દીર્ઘદ્રષ્ટા નેતા છે. તેમની રણનીતિ રંગ લાવી રહી છે.

જો કે ભારતને પાકિસ્તાનનો ત્રાસ ઓછો છે, પણ હજુ બંધ નથી થયો. જમ્મુકાશ્મીરમાં ધારાસભાની ચૂંટણીમાં ભાંગફોડ કરવા પાકિસ્તાને મરણીયા પ્રયાસો કર્યા હતા. હવે આ દુઃખાવાનો નિર્ણાયક અંત આવે તે જરૂરી છે.

ભારતમાં અમુક સમીક્ષકો માને છે કે, ભારતની નજર પીઓકે એટલે કે પાકિસ્તાનના કબ્જાગ્રસ્ત કાશ્મીર પર છે અને ગમે ત્યારે નિર્ણાયક ઓપરેશન થઇ શકે છે. વર્તમાન સમયમાં ચીન-પાકિસ્તાનના સંબંધો પણ તનાવમાં છે. પાક. માં ચીની નાગરિકો પર જીવલેણ હુમલા થઇ રહ્યા છે, જીનપીંગ ખફા છે.આ ભારત માટે મોકો છે. આજે એસ. જયશંકર તાંડવી સ્વરૂપના દર્શન કરાવીને પાકિસ્તાનને પીઓકે ભૂલી જવા સંદેશ આપવો જોઈએ. આ સંદેશ એટલો તીવ્ર હોવો જોઈએ કે, ભારતમાં રહેલા પાકિસ્તાન પ્રેમીઓને પણ ધ્રુજારી આવી જાય.

સમીક્ષકો તો એટલી હદ સુધી માને છે કે, ભારત પાકિસ્તાન સામે નિર્ણાયક ઓપરેશન કરે તો ભારતમાં જ અમુક વિસ્તારોમાં તનાવ પ્રસરી શકે છે. જો કે મોદી સરકાર અઘરા લાગતા કામ કરી દેખાડવાની નિષ્ણાંત છે. ભારતમાં ધબકતા ઝેરી જીવડાને પણ નિષ્ક્રિય કરવાનો પ્રયોગ થવો જોઈએ.




# ભારત - કેનેડાએ રાજદ્વારીઓને હાંકી કાઢ્યા

## પોલીસે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સીધી સંડોવણીના વિશ્વસનીય આરોપોની તપાસ શરૂ કર્યા પછી તેમની સરકારે આ પગલું લીધું હતું

નવીદિલ્હી, તા. ૧૫

ગયા વર્ષે કેનેડાની ધરતી પર એક શીખ અલગતાવાદીની હત્યાને લઈને વિવાદ વધ્યા બાદ ભારત અને કેનેડાએ તેમના ટોચના રાજદૂતો તેમજ અન્ય રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે પોલીસે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સીધી સંડોવણીના વિશ્વસનીય આરોપોની તપાસ શરૂ કર્યા પછી તેમની સરકારે આ પગલું લીધું હતું. કેનેડિયન પોલીસે ભારતીય એજન્ટો પર ''હત્યા, ગેરવસૂલી અને હિંસક કૃત્યો''માં સામેલ હોવાનો અને ભારતમાં શીખો માટે અલગ માતૃભૂમિની માંગ કરતી ખાલિસ્તાન તરફી ચળવળના સમર્થકોને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો છે. ભારતે આરોપોને ''વાહિયાત'' ગણાવીને નકારી કાઢ્યા છે અને ટ્રુડો પર રાજકીય લાભ માટે કેનેડાના મોટા શીખ સમુદાયને ખુશ કરવાનો આરોપ લગાવ્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે તે તેના ટોચના રાજદૂત અને અન્ય રાજદ્વારીઓને ''પાછા'' કરી રહ્યું છે. તેમની સલામતી સુનિશ્ચિત કરવા માટે વર્તમાન કેનેડિયન સરકારની પ્રતિબદ્ધતામાં અમને કોઈ વિશ્વાસ નથી. તેથી, ભારત સરકારે હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા બોલાવવાનો નિર્ણય લીધો છે.

અગાઉ સોમવારે, કેનેડિયન પોલીસે જણાવ્યું હતું કે તેઓએ ''આપણા દેશમાં જાહેર સલામતી માટેના નોંધપાત્ર જોખમને કારણે'' ચાલી રહેલી તપાસ અંગેની માહિતીને સાર્વજનિક બનાવવાનું અસામાન્ય પગલું ભર્યું છે. છઈખઙ કમિશનર માઇક ડુહેમે સોમવારે અહેવાલ આપ્યો હતો કે ''જીવન માટે એક ડઝનથી વધુ વિશ્વસનીય અને નિકટવર્તી જોખમો'' છે, જે તેમણે કહ્યું હતું કે ''ખાલિસ્તાન તરફી ચળવળના સભ્યો પર'' ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે



કહ્યુ ... ભારત હતું કે સામેલ

કે ધમકીઓ એટલી ગંભીર હતી કે આરસીએમપીને જાહેરમાં દરમિયાનગીરી કરવી પડી હતી.

એવા તબક્કે પહોંચી ગયા છીએ જ્યાં અમને લાગ્યું કે સરકારનો સામનો કરવો જરૂરી છે. અધિકારીઓએ જણાવ્યું એક ડઝન ભારતીય એજન્ટો કથિત ગુનાહિત પ્રવૃત્તિઓમાં હતા, પરંતુ તેઓએ એ વાતની પુષ્ટિ કરી નથી કે તેઓ જૂન ૨૦૨૩માં શીખ અલગતાવાદી નેતા નિજ્જરની હત્યા સાથે સીધા જોડાયેલા હતા કે કેમ. કેનેડાએ સોમવારે હાઇ કમિશનર સહિત છ ભારતીય રાજદ્વારીઓને હાંકી કાઢ્યા હતા, તેમને શીખ અલગતાવાદી નેતાની હત્યા સાથે જોડ્યા હતા અને કેનેડામાં ભારતીય અસંતુષ્ટોને નિશાન બનાવવાના વ્યાપક પ્રયાસનો આરોપ મૂક્યો હતો. દિવસની શરૂઆતમાં, ભારતે કાર્યકારી ઉચ્ચ કમિશનર સહિત છ ઉચ્ચ કક્ષાના કેનેડિયન રાજદ્વારીઓને હાંકી કાઢવાનો આદેશ આપીને બદલો લીધો અને કહ્યું કે તેણે કેનેડામાંથી તેના દૂતને પાછા બોલાવ્યા છે, હકાલપટ્ટી અંગેના કેનેડાના નિવેદનનો વિરોધાભાસી છે.

ભારતે કેનેડાના જે રાજદ્વારીઓને દેશ છોડવા માટે કહ્યું છે તેમાં એક્ટિંગ હાઈ કમિશનર સ્ટીવર્ટ રોસ વ્હિલર, ફર્સ્ટ સેક્રેટરી મેરી કેથરીન જોલી, લૈન રોસ ડેવિડ ટ્રાઈટ્સ, એડમ જેમ્સ ચુઈપ્કા અને પાઉલા ઓરજુએલા સામેલ છે. તમામને ૧૯ ઓક્ટોબરની રાત સુધીમાં દેશ છોડવા માટેનો આદેશ આપી દેવાયો છે.

આની પહેલા કેનેડાએ પણ ભારતને લેટર લખીને કેનેડમાં તૈનાત ભારતીય રાજદ્વારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જેને ભારતીય વિદેશ મંત્રાલયે ફગાવી દીધા હતા અને તેને મનઘડંત અને પાયા વિહોણા જાહેર કરી દીધા હતા. વિદેશ મંત્રાલયે કેનેડાના હાઈ કમિશનને જાણ કરી અને આ મામલે સફાઈ માગી હતી. થોડા સમય બાદ ભારતે કેનેડામાં તૈનાત પોતાના રાજદ્વારીઓને સુરક્ષાના કારણોસર પરત બોલાવી લેવાનો નિર્ણય કર્યો હતો.

# Whatsapp એ ભારતના ૮૪ લાખ એકાઉન્ટ પર લગાવ્યો પ્રતિબંધ

## પ્લેટફોર્મનો ઉપયોગ કૌભાંડો માટે કરવામાં આવી રહ્યો હતો, તેથી કંપનીએ આ શંકાસ્પદ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો

નવીદિલ્હી, તા. ૧૫

દેશના સૌથી મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપે દેશમાં લગભગ ૮૪ લાખ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. વોટ્સએપની પેરન્ટ કંપની મેટાએ માત્ર એક મહિનામાં આ કાર્યવાહી કરી છે. કંપનીનું કહેવું છે કે તેના પ્લેટફોર્મનો ઉપયોગ કૌભાંડો માટે કરવામાં આવી રહ્યો હતો, તેથી કંપનીએ આ શંકાસ્પદ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. ઘણા યુઝર્સે વોટ્સએપને આવા કૌભાંડો વિશે જાણ કરી હતી અને તેના પ્લેટફોર્મ પર તેની ફરિયાદ કરી હતી. કંપની દ્વારા જાહેર કરવામાં આવેલા પારદર્શિતા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે યૂઝર્સની સુરક્ષા માટે ખયફિં એ લગભગ ૮,૪૫૮,૦૦૦ ઠવફતિંઆા એકાઉન્ટને પ્રતિબંધિત કરી દીધા છે. આ કાર્યવાહી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૪(૧)(મ) અને ૩અ(૭)નું પાલન કરવા માટે કરવામાં આવી છે.

સતત ફરિયાદો મળ્યા બાદ, વોટ્સએપે મોનિટરિંગ વધાર્યું હતું અને જે એકાઉન્ટ્સ શંકાસ્પદ જણાયા હતા તેને કંપનીએ પ્રતિબંધિત કરી દીધા હતા.

કંપનીનો રિપોર્ટ દર્શાવે છે કે મેટાએ ૧ થી ૩૧ ઓગસ્ટની વચ્ચે આ તમામ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. તેમાંથી ૧૬.૬૧ લાખ ખાતા તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના ખાતા શંકાસ્પદ જણાતા તપાસ બાદ પ્રતિબંધિત કરી દેવામાં આવ્યા હતા.

કંપનીએ યૂઝર્સની કોઈપણ ફરિયાદ વગર ૧૬ લાખથી વધુ એકાઉન્ટ બંધ કર્યા કારણ કે મોનિટરિંગ દરમિયાન તેનો દુરુપયોગ બહાર આવ્યો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઓગસ્ટ ૨૦૨૪માં કંપનીને યુઝર્સ તરફથી ૧૦,૭૦૭ ફરિયાદો મળી છે. જેમાંથી કંપનીએ ૯૩ સામે કડક કાર્યવાહી કરી હતી.



આ ઉપરાંત ઈમેલ અને અન્ય માધ્યમો દ્વારા મળેલી ફરિયાદોની પણ સઘન તપાસ કરવામાં આવી હતી. કંપનીનું કહેવું છે કે આમાંના મોટાભાગના ખાતાઓ કૌભાંડ અને શોષણ સંબંધિત ફરિયાદો હતી.

### આ કારણે બેન થઈ શકે છે વોટ્સએપ

– જો કોઈ વપરાશકર્તા અતિશય બલ્ક સંદેશા મોકલે છે અથવા તેનો ઉપયોગ સ્પામ અથવા કોઈપણ છેતરપિંડી માટે કરે છે અથવા ખોટી માહિતી શેર કરે છે અથવા અફવાઓ ફેલાવે છે, તો તેના એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

– જો કોઈ વપરાશકર્તા ભારતીય કાયદાનું ઉલ્લંઘન કરે છે અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ માટે ઠવફતિંઆાનો ઉપયોગ કરે છે, તો પણ તેનું એકાઉન્ટ પ્રતિબંધિત કરવામાં આવશે.

– જો કોઈ વ્યક્તિ વોટ્સએપ પર કોઈપણ યુઝર વિરુદ્ધ ફરિયાદ કરે છે અથવા તેનું શોષણ કરવાનો પ્રયાસ કરે છે, તો તપાસ બાદ આવા યૂઝરના એકાઉન્ટને પ્રતિબંધિત કરવામાં આવશે.

# નિશ્ચિંત રહો, પીડિત પરિવારને ન્યાય આપવો એ ઉત્તર પ્રદેશ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા : યોગી

## લખનૌમાં મુખ્યમંત્રી આવાસ પર બહરાઇચ હિંસામાં માર્યા ગયેલા યુવાનોના પરિવારના સભ્યોને મળી આપી હૈયા ધારણા

નવીદિલ્હી, તા. ૧૫

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે લખનૌમાં મુખ્યમંત્રી આવાસ પર બહરાઇચ હિંસામાં માર્યા ગયેલા યુવાનોના પરિવારના સભ્યોને મળ્યા અને તેમને મદદની ખાતરી આપી. પીડિત પરિવારે મુખ્યમંત્રી યોગી સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને ન્યાયની માંગણી કરી. મહસીના બીજેપી ધારાસભ્ય સુરેશ્વર સિંહ પણ પરિવાર સાથે હાજર હતા. બેઠક પછી, મુખ્યમંત્રી યોગીએ તેમના એક્સ એકાઉન્ટ પર એક નિવેદન આપ્યું હતું કે તેઓ આજે લખનૌમાં બહરાઈચમાં દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં મૃત્યુ પામેલા યુવકના શોકગ્રસ્ત પરિવારના સભ્યોને મળ્યા હતા. દુઃખની આ ઘડીમાં ઉત્તર પ્રદેશ સરકાર સંપૂર્ણ સંવેદનશીલતા અને પ્રતિબદ્ધતા સાથે પીડિત પરિવાર સાથે ઉભી છે. નિશ્ચિંત રહો, પીડિત પરિવારને ન્યાય આપવો એ ઉત્તર પ્રદેશ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ અત્યંત નિંદનીય અને અક્ષમ્ય ઘટનાના ગુનેગારોને કોઈપણ કિંમતે છોડવામાં આવશે નહીં. રવિવારે, બહરાઇચના મહારાજગંજ શહેરમાં દુર્ગા મૂર્તિ વિસર્જન દરમિયાન થયેલા વિવાદમાં રામ ગોપાલ મિશ્રા (૨૪)ની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, ત્યારબાદ હિંસા ફાટી નીકળી હતી. આ સમયગાળા દરમિયાન પ્રભાવિત વિસ્તારોમાં મોટી સંખ્યામાં દળો તૈનાત કરવામાં આવ્યા હતા.

મહસીના મહારાજગંજમાં વિસર્જન શોભાયાત્રા દરમિયાન વિવાદ પછી શરૂ થયેલી અશાંતિ અને આગચંપીની ઘટના રવિવારે આખી રાત ચાલુ રહી. આ દરમિયાન રોષે ભરાયેલા ટોળાએ શહેરમાં એક ડઝનથી વધુ દુકાનોમાં તોડફોડ કરી આગ ચાંપી હતી.



એટલું જ નહીં ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિના સમયે તોડફોડ પણ કરવામાં આવી હતી. શહેરના હોસ્પિટલ ચોક પર રેહુવા મંસૂરના રહેવાસી રામ ગોપાલ મિશ્રાની હત્યાનો વિરોધ કરી રહેલી ભીડ રાત્રે લગભગ ૧૨ વાગે હિંસક બની હતી. ટોળાએ હોસ્પિટલ ચોકડી પાસે આવેલી વાળંદ, ટાયર અને કરિયાણાની દુકાનોને આગ ચાંપી દીધી હતી. આ દરમિયાન આગ ઓલવવા આવેલી ફાયર બ્રિગેડની ગાડી પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

માહિતી મળતાં જ એસપી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પોલીસ કર્મચારીઓ સાથે લાઠીચાર્જ કરીને લોકોને ભગાડ્યા હતા. તે જ સમયે, ગુસ્સે ભરાયેલા ટોળાએ પીપલ તિરાહે નજીક સ્ટીલગંજ તળાવમાં સ્થિત દુકાનો પર પણ હુમલો કર્યો. ટોળાએ અહીં એક બાઇકને આગ ચાંપી દીધી હતી, જેની આગ કપડાની દુકાન સુધી પહોંચી હતી.

દુકાનમાં રાખેલો સામાન બળી ગયો હતો. ટોળાએ બંગડીઓ અને કપડાની છ જેટલી દુકાનોને નિશાન બનાવી હતી. દુકાનોના શટરમાં તોડફોડ કરી હતી.

એટલું જ નહીં, રોષે ભરાયેલા ટોળાએ મોડી રાત્રે નવા નાનપરા બાયપાસ સ્થિત કરિયાણા સહિતની ત્રણ દુકાનોમાં તોડફોડ કરી આગચંપી અને તોડફોડ પણ કરી હતી.

રામ ગોપાલ મિશ્રાની હત્યા મંસૂર ગામના મહારાજગંજ બજાર વિસ્તારમાં કરવામાં આવી હતી, જ્યાં દુર્ગા મૂર્તિના વિસર્જનને લઈને વિવાદ થયો હતો, જેના પછી પથ્થરમારો અને ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

પીડિત પરિવારે આ ઘટના માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે, ભાજપના ધારાસભ્ય સુરેશ્વર સિંહે કહ્યું કે સરકારે ૧૦ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે.

મૃતકના પરિવારના સભ્ય યુપીના સીએમ યોગી આદિત્યનાથને મળ્યા હતા. પીડિત પરિવારે જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી અને યુપીના સીએમએ તેમને ખાતરી આપી હતી કે કડક કાર્યવાહી કરવામાં આવશે.

પીડિત પરિવારને ૧૦ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવ્યું છે. પરિવારને ઘર, આયુષ્માન ભારત કાર્ડ, તમામ સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવશે.

યુપીના સીએમએ અમને બહરાઇચ ઘટનાના મૃતકની પત્નીને નોકરી આપી શકાય કે કેમ તે જોવા કહ્યું છે.

### દામ્પત્ય જીવનમાં થતાં કજીયા કંકાસ કલેશનું જો સત્વરે નિવારણ ન થાય તો આવે ગંભીર પરિણામ

# દેશીની કોથળીના રૂા.૨૦ માટેના ઝઘડાએ પતિનો જીવ લીધો

## પતિએ પત્નિ પાસે રૂપિયા માંગ્યા, તેણીએ ન દેતાં થેલીમાંથી ધરાર લઇ ગયોઃ પછી ઢીંચીને ઘરે આવી 'આજે તને મારીને પછી હું મરી જઇશ' કહી પત્નિને ગળા પર છરી ઝીંકી પોતે ફાંસો ખાઇ ગયો

રાજકોટઃ કહેવત છે કે ઘર હોય ત્યાં વાસણ ખખડે...એટલે કે અમુક પતિ-પત્નિઓ વચ્ચે રોજબરોજ નાની નાની વાતે કચકચ કે કજીયા થતાં રહે છે. પરંતુ બાદમાં આ બધુ થાળે પડી જતું હોય છે અને પતિ-પત્નિ ફરી હળીમળીને રહેવા માંડતા હોય છે. પરંતુ ઘણીવાર કજીયો કલેશ જો બેમાંથી એકની જીદને કારણે શાંત ન પડે તો તેનું માઠુ પરિણામ આવી શકે છે. આ વાતના પુરાવા આપતી અનેક ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. કલેશને કારણે આત્મહત્યા, આત્મહત્યાનો પ્રયાસ કે પછી હત્યા કે હત્યાનો પ્રયાસ સહિતની ગુનાખોરી બની જતી હોય છે. વધુ એક ચોંકાવનારો અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે જેમાં દારૂ પીવા માટેના વીસ રૂપિયા માટે શરૂ થયેલો ઝઘડો એક જીવ લઇ ગયો છે. રોષે ભરોયલા પતિએ આજે તું હું તને મારીશ પછી હું મરી જઇશ કહી પત્નિને ચાકુના ઘા મારી દીધા હતાં અને પોતે લટકી ગયો હતો. તેનો જીવ જતો રહ્યો હતો, પત્નિને ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડાઇ હતી.

દામ્પત્ય જીવનમાં તકરાર થતી જ રહેતી હોય છે. પરંતુ તેનું નિવારણ તુરત કરવું જરૂરી છે. અન્યથા ગંભીર પરિણામ આવતા હોય છે. ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં પત્નિ પર ચપ્પુ વડે હુમલો કર્યા બાદ પતિએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ ઘટનામાં પતિનું મોત થયું છે, તેની પત્ની ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ મામલે વારસિયા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી અનુસાર વારસિયા વિસ્તારમાં આવેલી સંત કંવર કોલોનીમાં રહેતાં ચાલીસ વર્ષના જયોત્સનાબેન ઉર્ફે જ્યોતિ વાઘારામ સરગરાએ વરસિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું



છે કે, મારા પતિ વાઘારામ મોહનલાલ સરગરાએ સવારના આશરે પોણા ચારેક વાગ્યે મળી પાસે દારૂ પીવાના વીસ રૂપિયા માગ્યા હતા, પરંતુ મેં વીસ રૂપિયા આપ્યા નહોતા, જેથી મારા પતિ પોતાની જાતે કાપડની થેલીમાં મૂકેલા રૂપિયામાંથી વીસ રૂપિયા લઈ ગયા હતા.

આ રૂપિયા લઇ ગયા બાદ થોડીવાર પછી મારા પતિ દારૂ પીને આવ્યા બાદ મને જણાવ્યું હતું કે, આજે મારે મરી જવું છે, તેમ કહેતા મેં આવું કરવાની ના પાડી હતી, જેથી મારા પતિએ મને કહ્યું હતું કે, તને પહેલાં મારીશ, પછી હું મરી જઈશ, તેવી ધમકી આપી હતી અને મને શાકભાજી સમારવાના ચપ્પા વડે ગળાના ભાગે ઘા માર્યો હતો અને પોતે ખાટલાની નાયલોન પટ્ટીથી પંખા વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મને ગળાના ભાગે વાગ્યું હોવા છતાં હિંમત કરીને મેં મારા પતિના ગળામાંથી ચપ્પુ વડે નાયલોનની પટ્ટી કાપી નાંખી હતી, જોકે, તેમનું મોત થઈ ગયુ હતું. જેથી મેં મારા મામા દીપક મારવાડીને ફોન કર્યો હતો, જેથી તેઓ તુરંત જ આવી ગયા હતા અને મને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી.

આ ઘટનાની ઘટનાની જાણ થતાં વારસિયા પોલીસ દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્ત પત્નીને તુરંત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી અને પતિના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો છે. વારસિયા પોલીસે મૃતક આરોપી પતિ વાઘારામ મોહનલાલ સરગરા (હાલ રહે. મ.નં.ટી/૪ રૂમ નં.૩૮ સંત કંવર કોલોની વારસિયા, વડોદરા, મૂળ રહે. ગામ કોંમ્બા (કોબા) તા.જોધરપુર થાના-આવર જોધપુર રાજસ્થાન) સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી. આ બનાવમાં વારસિયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. વસાવાએ જણાવ્યું હતું કે, પતિએ પત્નિ પર હુમલો કરીને પોતે આપઘાત કર્યો હતો. આ ઘટનામાં પત્નિને ગળાના ભાગે સામાન્ય ઈજા થઇ છે. તે હોસ્પિટલમાં દાખલ છે અને તેની તબિયત સારી છે. આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આમ વધુ એક કલેશ કજીયામાં એક દંપતિન ખંડીત થયું હતું અને પતિનો જીવ ગયો હતો.

# કાલથી સૌ.યુનિમાં ૫૨મા યુવક મહોત્સવની થશે રંગે ચંગે ઉજવણી

## કેબિનેટ મંત્રી ૠષિકેશ પટેલ તથા રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનસેરીયાના વરદ હસ્તે યુવક મહોત્સવને મુકાશે ખુલ્લો

રાજકોટ, તા. ૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને યુવા પ્રતિભાને પ્રોત્સાહિત અને પુરસ્કૃત કરવા માટે યુવાનોની શક્તિને પ્રગટાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં હજારો સ્પર્ધકો સામેલ થશે તેવા શુભ હેતુથી પ્રતિવર્ષ જે રીતે યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તેવી જ રીતે આ વર્ષે ૫૨મો યુવક મહોત્સવ ઉદેતી નું આયોજન કાલથી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાનાર ૫૨ માં યુવક મહોત્સવમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલગ્ન જિલ્લાઓની ૮૨ કોલેજોના ૧૮૦૩ સ્પર્ધકો કલા, સાંસ્કૃતિ, સાહિત્ય એમ ત્રણ વિભાગોની જુદી જુદી ૩૩ ઈવેન્ટમાં સહભાગી થશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૫૨ માં યુવક મહોત્સવ ઉદેતીનું ઉદઘાટન કાલે



**યુવક મહોત્સવને સફળ બનાવવા ૧૪ વિવિધ કમિટીઓની રચના કરતા યુનિવર્સિટીના કુલપતિ**

બપોરના ૧૨:૦૦ કલાકે રાજ્યના કેબિનેટ મંત્રી ૠષિકેશ પટેલ તથા રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા ના વરદ હસ્તે કરવામાં આવશે. આ યુવક મહોત્સવ ના ઉદઘાટન પ્રસંગે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ ના કુલપતિ પ્રોફેસર ચેતન ત્રિવેદી પણ ખાસ ઉપસ્થિત રહેશે. ત્યારે આ યુવક મહોત્સવમાં સ્પર્ધકોને પુરસ્કારમાં પ્રથમ આવનાર સ્પર્ધકને ૨૫૦૦, દ્વિતીય પુરસ્કાર ૧૫૦૦ રૂપિયા તથા તૃતીય સ્પર્ધક ને ૧૦૦૦ રોકડ પુરસ્કાર તથા શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત ૫૨ માં યુવક મહોત્સવને સફળ બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડોક્ટર કમલસિંહ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ જુદી જુદી ૧૪ કમિટીઓની રચના કરવામાં આવેલી છે આ યુવક મહોત્સવમાં વિદ્યાર્થીનીઓને લગતા પ્રશ્નોના નિવારણ માટે કુલપતિ ડોક્ટર કમલસિંહ ડોડીયા દ્વારા સૌપ્રથમ વખત એક મહિલા કમિટીની રચના પણ કરવામાં આવી છે. આ યુવક મહોત્સવ ને સફળ બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્યો, ભવનોના અધ્યક્ષ, સંલગ્ન કોલેજોના આચાર્યો, યુનિવર્સિટીના અધિકારીઓ , શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ દ્વારા કુલપતિ પ્રોફેસર કમલસિંહ ડોડીયા ના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# મત્સ્ય ઉતરણ કેન્દ્રોને ૫૪.૫૦ કરોડના ખર્ચે બનાવાશે અદ્યતન

## પોરબંદર અને ગીર સોમનાથના ૩૫,૦૦૦થી વધુ માછીમારો તેમજ ૮,૦૦૦થી વધુ નાની-મોટી બોટોને સીધો થશે લાભ

રાજકોટ, તા. ૧૫

ગુજરાત દેશનો સૌથી લાંબો આશરે ૧,૬૦૦ કિ.મી જેટલો દરિયા કિનારો ધરાવતું રાજ્ય છે. ગુજરાતના દરિયાકાંઠે ૧૦૭ જેટલા નાના-મોટા મત્સ્ય બંદરો અને મત્સ્ય ઉતરણ કેન્દ્રો કાર્યરત છે. ગુજરાતના અનેક નાગરીકો માટે માછીમારી એ આજીવિકાનું મોધ્યમ પણ છે. પરિણામે ગુજરાત દરિયાઈ માછલીના ઉત્પાદનમાં દેશમાં મોખરે છે. ગુજરાતમાં દરિયાઈ પ્રવૃત્તિઓ ફૂલીફાલી રહી હોવાથી મત્સ્ય બંદરો અને ઉતરણ કેન્દ્રો ખાતે અદ્યતન માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી એ રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે, તેમ મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું, રઘવજીભાઈ મંત્રી પટેલે કહ્યું હતું કે, રાજ્યના મત્સ્ય બંદરો અને ઉતરણ કેન્દ્રોને અદ્યતન માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવાના નિર્ધારને પરિપૂર્ણ કરવા માટે પોરબંદર જિલ્લાના નવીબંદર તેમજ ગીર સોમનાથ જિલ્લાના ધામલેજ



અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને કુલ મળી રૂ. ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવામાં આવશે. ગીર સોમનાથના ધામલેજ મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૨૬.૪૦ કરોડથી વધુ, હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૧૪.૬૦ કરોડથી વધુ તેમજ પોરબંદરના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૧૩.૪૮ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરાશે. મત્સ્ય ઉતરણ કેન્દ્રોની અપગ્રેડેશન અને આધુનિકરણની કામગીરીથી પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લાના આશરે ૩૫,૦૦૦થી વધુ માછીમારોને તેમજ ૮,૦૦૦થી વધુ નાની-મોટી બોટોને તેનો સીધો લાભ મળશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અપગ્રેડેશન કામગીરીમાં હાલ ૧૦૦ ટકા રાજ્ય પુરુસ્કૃત મત્સ્ય કેન્દ્રો ખાતે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની યોજના હેઠળ આ ત્રણેય મત્સ્ય ઉતરણ કેન્દ્રો ખાતે પ્રોટેક્શન બંડ, સ્લોપીંગ હાર્ટ, ઈન્ટરનલ રોડ નેટવર્ક, ઓક્શન હોલ, નેટ મેન્ડીગ શેડ, શોર પ્રોટેક્શન, બોટ રીપેરીંગ શોપ, દરિયાઈ સિક્યુરિટીને લગત સુવિધાઓ, પાણીની સુવિધાનું નેટવર્ક, લાઈટીંગ સુવિધાઓ, ફાયર ફાઈટીંગને લગત સુવિધાઓ, ટોઈલેટ બ્લોક અને રેસ્ટ શેડ જેવી વિવિધ માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવશે.

# સ્વ.રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવવા આજે સાઈકલ રાઈડ

## રાજકોટ સાયકલ ક્લબ અને રોટરી ક્લબ ઓફ રાજકોટ મેરી ટાઉન દ્વારા અપાશે શ્રદ્ધાંજલિ

રાજકોટ, તા. ૧૫

રાજકોટના નાગરિકોને એક અનોખી સાઇકલ રાઈડ કરી સ્વર્ગસ્થ રતન તાતાને શ્રધ્ધાંજલિ આપવા માટે એક સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આજે વહેલી સવારે ૦૬.૧૫ કલાકે રાજકોટ સાયકલ ક્લબ અને રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડ ટાઉન તરફથી રાજકોટના નાગરિકોને દેશના સ્વર્ગસ્થ રતન તાતાને એક અનોખી સાયકલ રાઈડ કરી શ્દ્ધાંજલી આપવા હાર્દિક આમંત્રણ છે. આ સાયકલ રેલી સરદાર સરોવર ડેમ રેપ્લિકા, બહુમાળી ભવન, રેસકોર્સ થઈ યાજ્ઞિક રોડ - એસટી સ્ટેન્ડ - મક્કમ ચોક - ટાગોર માર્ગ - લક્ષ્મીનગર અંડર પાસ - નાના મવા રોડ - મોકાજી સર્કલ - ક્રિસ્ટલ મોલ અને અંતે કેકેવી હોલ પાસે પૂરી થશે.

RAJKOT CYCLE CLUB

રતન તાતા સ્વદેશી તકનીકી ઉપલબ્ધીઓ અને તાતા કંપનીની શાખ ઉપરાંત વિનામુલ્યે સારવાર આપતી તાતા મેમોરિયલ કેન્સર હોસ્પિટલ જેવાં તેમનાં સત્કાર્યો ને લીધે સમગ્ર જીવન દરમ્યાન દેશવાસીઓના હૃદય-મન પર છવાયેલા રહ્યા. તેમના સ્વર્ગવાસથી સમગ્ર દેશ ગમગીન છે. ભલે આપણે કદી તેમને મળ્યા નહોતા પણ છતાંય તેમનાં જવાથી ઉદાસીનતા મહેસૂસ કરી રહ્યા છીએ. અનોખા રતનની આ એક અનેરી છાપ હતી. તેમનાં મૂક પ્રાણીઓ પ્રત્યેના પ્રેમથી માંડીને ઉદારતાથી દાન કરવાની તેમની ભાવના તેમની મહાનતા દર્શાવે છે

તેમનાં જીવન -કવને સમાજને દર્શાવ્યું કે ખરો ઉદ્યોગ સાહસિક એ છે કે જે વંચિતો, જરૂરિયાતમંદો અને મૂક પ્રાણીઓ માટે પોતાની અસીમિત મૂડીનો સદુપયોગ કરે. સ્વર્ગસ્થ રતન તાતાના આત્માને ઈશ્વર શાંતિ આપે એ જ પ્રાર્થના. સ્વર્ગસ્થના સદગુણોનો વારસો તેમની સ્થાપેલી સંસ્થાઓ તેમ જ, તેમણે જે માનવીય મૂલ્યો સ્થાપિત કર્યા એ મારફત હંમેશાંને માટે જીવંત રહેશે. સાથો સાથ એકને અંજલી આપવા માટે પણ ગ્રુપ દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું.

# વાયનાડ લોકસભા બેઠક પરથી પ્રિયંકા ગાંધી લડશે ચૂંટણી

## વિધાનસભાની ચૂંટણીઓ તેમજ બે સંસદીય મતવિસ્તારો અને ૪૮ વિધાનસભા મતવિસ્તારોની પેટાચૂંટણીની તારીખો કરાઈ જાહેર

નવીદિલ્હી, તા. ૧૫

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા ૧૩ નવેમ્બરે કેરળના વાયનાડથી ચૂંટણી લડશે. પાર્ટી એ મંગળવારે તેમને સીટ પરથી ચૂંટણી લડવા માટે નામાંકિત કર્યા હતા, જે તેમના ભાઈ અને સાંસદ રાહુલ ગાંધી દ્વારા ઉત્તર પ્રદેશમાં રાયબરેલીના પારિવારિક ગઢને જાળવી રાખવા માટે ખાલી કરવામાં આવી હતી.

ભારતના ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની ચૂંટણીઓ તેમજ બે સંસદીય મતવિસ્તારો અને ૪૮ વિધાનસભા મતવિસ્તારોની પેટાચૂંટણીની તારીખોની જાહેરાત કર્યા પછી સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. જૂનમાં લોકસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસે જાહેરાત કરી હતી કે પ્રિયંકા વાયનાડ પેટાચૂંટણી લડશે. ૧૯૯૯ માં, તેમણે અમેઠીમાં ભાજપના ઉમેદવાર અરુણ નેહરુ સામે તેમની માતા સોનિયા ગાંધી માટે પ્રચાર કરવા માટે રાજકારણમાં પ્રવેશ કર્યો. પરંતુ કોંગ્રેસના ઘણા વર્ગો દ્વારા ઉત્તર પ્રદેશમાં તેમના દાદી અને માતાના વારસાને આગળ ધપાવવાની અપેક્ષા હોવા છતાં, તેણી ક્યારેય ચૂંટણી મેદાનમાં ઉતરી ન હતી.

પ્રિયંકા, જો કે, તેના મુશ્કેલી નિવારણ કૌશલ્ય માટે જાણીતી છે, જેનું ઉદાહરણ ૨૦૧૭ માં જોવા મળ્યું હતું જ્યારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ઘર્ષણ ફાટી નીકળ્યું હતું કારણ કે બાદમાં ૧૧૦ બેઠકોની માંગ કરવામાં આવી હતી, જ્યારે અખિલેશ યાદવની પાર્ટીએ ૧૦૦ બેઠકોની ઓફર કરી હતી. વાયનાડમાંથી પ્રિયંકા ગાંધીની પસંદગી પણ કોંગ્રેસ પાર્ટીની દક્ષિણમાં, ખાસ કરીને કેરળમાં તેના પદચિહ્નને વિસ્તૃત કરવાની યોજનાનો એક ભાગ છે. પાર્ટી કર્ણાટક અને તેલંગાણામાં સત્તામાં છે અને તેના સહયોગી ડીએમકે સાથે તમિલનાડુ પર શાસન કરે છે. ઉત્તરથી વિપરીત, જ્યાં ભાજપની મજબૂત હાજરી છે, કોંગ્રેસ દક્ષિણમાં જીતવા માટે ઉત્સુક છે.

જો તે કોંગ્રેસ માટે સુરક્ષિત સીટ ગણાતી વાયનાડથી જીતે છે, તો તે પ્રથમ વખત બનશે કે નેહરુ-ગાંધી પરિવારના ત્રણ સભ્યો એક જ સમયે સંસદમાં હશે - રાહુલ અને પ્રિયંકા ગાંધી લોકસભામાં અને સોનિયા ગાંધી. રાજ્યસભા. કોંગ્રેસે કેરળ વિધાનસભા પેટાચૂંટણી માટે પલક્કડથી રાહુલ મામકુથિલને પણ મેદાનમાં ઉતાર્યા અને કહ્યું કે રામ્યા હરિદાસ કેરળ વિધાનસભા પેટાચૂંટણી માટે ચેલાક્કારાથી ચૂંટણી લડશે. અગાઉ દિવસે, ચૂંટણી પંચે કેરળની વાયનાડ લોકસભા બેઠક અને મહારાષ્ટ્રની નાંદેડ બેઠકની પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ઉત્તર પ્રદેશના રાયબરેલીથી લોકસભામાં ચૂંટાયા બાદ વાયનાડ બેઠક ખાલી કરી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જૂનમાં જાહેરાત કરી હતી કે રાહુલ ગાંધી ગાંધી પરિવારની પરંપરાગત બેઠક રાયબરેલી જાળવી રાખશે અને તેમની વાયનાડ બેઠક ખાલી કરશે જ્યાંથી પાર્ટી પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતારશે.રાહુલ ગાંધીએ ૨૦૧૯ અને ૨૦૨૪માં વાયનાડથી લોકસભા ચૂંટણી જીતી હતી અને હવે તેઓ લોકસભામાં વિરોધ પક્ષના નેતા છે.

વાયનાડમાં ૧૩ નવેમ્બરે ૧૫ રાજ્યોની ૪૭ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી માટે મતદાનની સાથે મતદાન થશે. ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન પણ ૧૩ નવેમ્બરે થશે. જો પ્રિયંકા ગાંધી લોકસભાની ચૂંટણી જીતે છે, તો તે વર્તમાન સંસદમાં ગાંધી પરિવારમાંથી ત્રીજા સાંસદ હશે. રાહુલ ગાંધી લોકસભામાં વિરોધ પક્ષના નેતા છે અને સોનિયા ગાંધી રાજ્યસભાના સભ્ય છે.

### સમાધાન માટે રૂ. ૧૦ લાખ વસુલવા સાસરાએ આચરી દાદાગીરી

# પરસાણા નગરમાં જમાઈ પર ત્રણ પુત્રોના સહારે સસરાનો હુમલો



રાજકોટ. તા.૧૫

પરસાણાનગરમાં યુવાન પર ચાર શખ્શોએ હુમલો કર્યાની તેમજ ઘરમાં બારીના કાચમાં તોડફોડ કર્યાની પ્રનગર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. હુમલાખોરો ઈજાગ્રસ્ત યુવાનના સસરા અને સાળા થતા હોય અને પત્ની સાથે વાંધો પડ્યા બાદ સમાધાનના રૂ. ૧૦ લાખની સાસરિયાઓ માંગ કરતા હોવાનું યુવાને ફરિયાદમાં જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ જામનગર રોડ પર પરસાણાનગર શેરી નં.૬ માં રહેતાં મનુબેન મહેન્દ્રભાઈ શીંગાળા (ઉ.વ.૫૬) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હિતેષ કાનજી ગડીયલ, મિલન ગડીયલ, સંદિપ ગડીયલ અને સાગર ગડીયલનું નામ આપતાં પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

મનુબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ આર.એમ.સી.માં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. તેણીને સંતાનમાં એક દીકરો અને છ દીકરી છે. તેમના પુત્ર મહેશભાઈ (ઉ.વ.૨૪) ના લગ્ન ત્રણ વર્ષ પહેલાં હીતેષ ગડીયલની દીકરી ખુશાલી સાથે થયા હતા. તેને સંતાનમા બે વર્ષનો એક દીકરો છે. તેમના પુત્ર અને પુત્રવધુ વચ્ચે મનમેળ ન રહેતા પુત્રવધુ તેના માવતર છેલ્લા બે વર્ષથી જતી રહેલ છે અને તેમના દીકરા પર ભરણપોષણ તથા અન્ય કોર્ટ કેસ કરેલ છે. જે કેસના સમાધાન માટે પુત્રવધુ વારંવાર તેઓની પાસે રૂ.૧૦ લાખની માંગણી કરે છે.

તેણીના દીકરા મહેશ અને તેની પુત્રવધુ ખુશાલી વચ્ચે કોર્ટ કેસ ચાલતો હોય જે બાબતનો ખાર રાખી ગઈ તા.૧૧ ના રાત્રીના અગીયાર વાગ્યાની આસપાસ તેણી ઘરે સૂતી હતી. ત્યારે ઘરની બહાર ઝઘડાનો અવાજ આવતા બહાર આવેલ અને જોયુ તો તેમના પુત્ર મહેશ સાથે તેના સસરા હીતેષ, સાળો મીલન, સાગર અને સંદીપ બોલાચાલી કરી ઝપાઝપી કરતા હતા જેથી તેમને ઝઘડો ન કરવા સમજાવતો હતાં તે દરમીયાન ચારેય શખ્સો ઉશ્કેરાય ગયેલ અને તેમના દીકરાને ધક્કા મારતા ઘરમા ઘૂસી ગયેલ અને મહેશને અંદરના રૂમમા પૂરી દરવાજો બહારથી બંધ કરી દીધેલ હતો. તેણી તેમને સમજાવવા જતા હીતેષે ધક્કો મારી પછાડી દેતાં શરીરે મૂઢ ઈજા થયેલ હતી. બાદમા મીલને ઘરનુ ટીવી તથા બારીનો કાચ તોડી નુકશાન કરી તમામ આરોપી નાસી છૂટ્યા હતાં.

બાદમાં તેમના પુત્રને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મવડીમાંથી ગૂમ થયેલા યુવાનની આજીડેમમાંથી મળી લાશ

### તાલુકા પોલીસે શરૂ કર્યો તપાસનો ધમધમાટ



રાજકોટ મિરર, તા.૧૫

શહેરના મવડીના સોરઠીયાવાડી પાર્ક, શેરી નંબર ૨ માંથી ગઈકાલે રાત્રેના આઠ વાગ્યે ગુમ થયેલા યુવાનની આજે આજી ડેમમાંથી લાશ મળી આવતા ચકચાર જાગી છે. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ આ યુવાને આપઘાત કર્યાનું જણાય છે, પરંતુ પગલા પાછળ ક્યુ કારણ ભૂત છે તે અંગે તપાસ હાથ ધરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના બાપા સીતારામ ચોક, સોરઠીયાવાડી પાર્ક. શેરી નં. ૨, મવડી ગામ રહેતા અજયભાઈ ગોબરભાઇ કમાણીએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુમનોંધ કરાવી હતી કે તેમના ભાઈ અંકિત ગોબરભાઇ કમાણી તા. ૧૪ ના રોજ રાત્રીના ૮ વાગ્યે પોતાના ઘરેથી જીજે ૦૩ જેએન ૫૦૬૨ નંબરનું એકટીવા લઈને ઘરે કોઈને કહ્યા વગર ગુમ થયો હતો. રાજકોટ તાલુકા પોલીસ પોલીસે ગુમનોંધ રજીસ્ટર કરીને અંકિતની શોધખોળ આદરી હતી. પરંતુ દિવસ દરમિયાન તે મળ્યો નહોતો. બીજી બાજુ આજી ડેમના પાણીમાં કોઈની લાશ તરતી હોવાનું પોલીસને જાગૃત લોકોએ જાણ કર્યા બાદ પોલીસે ઘટના સ્થળે દોડીને લાશને પાણીમાંથી બહાર કઢાવીને પીએમ માટે શહેરની સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી.

દરમિયાન પોલીસે અજયભાઈ કમાણીને મળેલી લાશ જોવા હોસ્પિટલે બોલાવતા તેમણે આ લાશ અંકિતની હોવાનું ઓળખી બતાવ્યું હતું.

પોલીસના પ્રાથમિક તારણ મુજબ અંકિતે ડેમના પાણીમાં ઝંપલાવીને આત્મહત્યા કરી હોવાનું જણાય છે. આમ છતાં બીજું કોઈ કારણ છે કે શું ? અને આવું પગલું ભરવા પાછળ ક્યુ પરિબળ કારણભૂત છે ? તે અંગે એએસઆઈ કુલદીપસિંહ જાડેજાએ તપાસ હાથ ધરી છે

### મવડીની રાધેશ્યામ ગૌશાળા પાસે

# ગેરેજના વર્કશોપમાંથી રૂ.૧.૮૦ લાખના પાનાં-પકડની ચોરી

### CCTV ફુટેજના આધારે તપાસ શરુ કરતી પોલીસ



રાજકોટ. તા.૧૫

મવડીમાં રાધેશ્યામ ગૌશાળા પાસે આવેલ જે.કે.કાર્સના વર્કશોપમાં તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૧.૮૦ લાખના પાના-પક્કડની ચોરી કરી ગયાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તસ્કરોના સગડ મેળવવા તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શિવશક્તિ કોલોની શેરી નં.૧૯ માં રહેતાં કાર્તીકભાઇ મુકેશભાઈ ત્રીવેદી (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાધેશ્યામ ગૌશાળા પાસે આકાર હાઇટ્સની સામે જે.કે. કાર્સ નામનું વર્કશોપ આવેલ છે તેમાં જુદીજુદી કંપનીની કારનું બોડીકામ, કલરકામ અને રિપેરીંગ કામ ભાગીદાર જયરાજસિંહ બાવકુભાઇ વાંક સાથે ચલાવે છે.

તેમનો વર્કશોપમાં સ્પેરપાર્ટની કેબીન, ઓફીસ તથા પેઇન્ટ બુથ આવેલ છે. સ્પેરપાર્ટની કેબીન તથા ઓફીસની કેબીનના દરવાજાને તેઓ અલગથી લોક મારવામાં આવે છે. તેમજ વર્કશોપના ગેઇટને પણ અલગ અલગથી લોક મારવામાં આવે છે.ગઈ તા.૧૨ ના સવારના ૧૧ વાગ્યે તેઓ વર્કશોપ ગયેલ અને સાંજના સાડા ચારેક વાગ્યા આસપાસ વર્કશોપને લોક મારી ઘરે ગયા હતા. અને પાર્ટનરને જાણ કરી હતી.

બીજા દિવસે ગઇ તા.૧૩ ના સવારના તેઓ વર્કશોપ પર આવેલ અને મેઇન દરવાજાનો લોક ખોલી અંદર ગયેલ ત્યારે ઓફીસનો દરવાજો અને સ્પેરપાર્ટ કેબીનનો દરવાજો ખુલ્લો હોય જેથી ઓફિસમા પ્રવેશી જોતા ઓફીસમા ચીજ-વસ્તુઓ વેરવીખેર હાલતમાં હતી. સ્પેરપાર્ટ કેબીનમાં પણ ચીજવસ્તુઓ વેરવીખેર હાલતમાં હતી. ઓફીસના દરવાજાનો લોક નકુચા સહીત તુટેલ હાલતમાં નીચે પડેલ હતો. જેથી વર્કશોપમા કોઈએ ચોરી કરેલ હોય તેવુ માનતા પાર્ટનર જયરાજસિંહને ફોનથી જાણ કરતાં તેઓ પણ વર્કશોપ પર દોડી આવેલ હતાં અને જોયું તો અનેક મુદામાલ ચોરી થયાનું સામે આવ્યું હતું.

જેમાં કોમ્પ્યુટર મોનીટર સહીત, જમ્પર કેબલ નંગ-૧, રીંગ પાનાનો સેટ-૧, ફીક્સ પાનાનો સેટ, કોમ્બીનેશન સેટ-૧, ડેન્ટપુલર નંગ-૧, નાના બોડીના જેક નંગ-૫, મોટા બોડીના જેક નંગ-૬, પોલીસીંગ મશીન નંગ-૧, ગ્રાઇન્ડર મશીન નંગ-૧, બોક્ષ પાના મોટી પેટી-૧, એરગન નંગ-૧ સહિત રૂ.૧.૮૦ લાખનો મુદામાલ ચોરી કરી અજાણ્યાં શખ્સો નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી તસ્કરી કરી નાસી છૂટનાર પીએસઆઇ બી.વી. સરવૈયા અને ટીમે તપાસ હાથ ધરી હતી.

# મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો ખેલતો પ્રિતેશ પંડ્યા ઝડપાયો




અમદાવાદના બુકીની શોધખોળ કરતી પોલીસ

રાજકોટ મિરર, તા.૧૫

જામનગર રોડ પર રહેતા અને ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરતા વિપ્ર યુવાનને મોબાઈલમાં ક્રિકેટ સટ્ટો રમતો પકડી પાડી પીસીબી પોલીસે અમદાવાદના બુકીની શોધખોળ આદરી છે.

પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ કરણ મારૂ, કિરતસિંહ વિક્રમસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ એરપોર્ટ રોડ શિવાનંદ પાન પાસે રોડ ઉપર ઉભો છે અને પોતાના મોબાઇલ ફોનમાં આઈડી મારફતે મોબાઇલ ફોન ઉપર ક્રિકેટ મેચ ઉપર રન ફેરના સોદાઓ કરી હાર-જીતનો જુગાર રમે છે. બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી બાતમીના સ્થળે હાજર શખ્સની અટક કરી તેનું નામ પૂછતા પોતાનું નામ પ્રિતેશ ઉર્ફે પી.પી. સુધીરકુમાર પંડયા (ઉ.વ.૪૧),(રહે.કોપર સીટી એપાર્ટમેન્ટ બ્લોક નં-૪૦૩, વાંકાનેર સોસાયટી પાસે, જામનગર રોડ) હોવાનું જણાવ્યું હતું.

પીસીબીની ટીમે તેના હાથમાં રહેલ મોબાઇલ ફોન જોતા તેમાં ઓલ પેનલ ૭૭૭.કોમ નામની આઈ.ડી જોવામાં આવેલ, જેમાં સ્કીન પર પાકિસ્તાન વુમન અને ન્યુઝીલેન્ડ વુમન વચ્ચેની ક્રીકેટ મેચનો રન ફેરનો રૂ.૫ હજારનો સોદો કરેલ હોવાનુ જોવામાં આવતાં મોબાઈલ કબ્જે કરી તેની પૂછતાછ હાથ ધરતા તે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરે છે, તેને આઈડી અમદાવાદના બુકી પાસેથી મેળવ્યાની કબુલાત આપી હતી. પોલીસે અમદાવાદના શખ્સની શોધખોળ હાથ ધરી હતી.

# રેલ્વે સ્ટેશન પાસે જાહેરમાં જુગાર દરોડો : ૪ ઝડપાયા

### રૂ.૧૦,૨૫૦ રોકડ કબજે કરતી પોલીસ : બાબરિયા મેઈન રોડ અને ખારચિયા ગામેથી પણ ત્રણ શખ્સ વરલી મટકાનો જુગાર રમતા પકડાયા



રાજકોટ મિરર, તા.૧૫

શહેરના રેલવે સ્ટેશન પાસે, સાગર પરોઠા હાઉસ બહાર જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પ્ર.નગર પોલીસે દરોડો પાડીને જુગાર રમતા ચાર શખ્સોને રોકડ ૧૦,૨૫૦ સાથે ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

પકડાયેલા શખ્સોમાં પરાપીપળીયાની એકતા સોસાયટીમાં રહેતા કમલેશ ચૌહાણ, મોચી બજાર મેઈન રોડ ઉપર રહેતા ફેજલ ચીચોદરા, દૂધની ડેરી પાસે રહેતા યાસીન અલાણી તેમજ જામનગર રોડ હુડકો ક્વાર્ટર ટંકારાવાળી શેરીમાં રહેતા ઇમરાન સાકરીયાણીનો સમાવેશ થતો હોવાનું હેડ કોસ્ટેબલ ડી.પી ડાંગરે જણાવ્યું હતું.

**હાજાપર ખેરડી ગામેથી યુવતી ગુમ**

રાજકોટ તાલુકાના હાજાપર ખેરડી ગામે રહેતા જાનુબેન રામભાઈ સોલંકીએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં પોતાની પુત્રી ગુમ થઈ હોવાની નોંધ કરાવી છે. તેમાં જાનુબેને જણાવ્યું છે કે તેમની ૨૯ વર્ષની પુત્રે કાજલ પોતાનું આધારકાર્ડ સાથે લઈને કોઈને કહ્યા વગર તા. ૧૪ના રોજ રાત્રિના ૧૨ વાગ્યે ઘરેથી ચાલી ગઈ છે. કાજલે લીલા કલરનો ડ્રેસ તેમજ બજરીયા કલરની ચુંદડી પહેરેલ છે. કોઈને ભાળ મળે તો કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા એ.એસ.આઈ. એન. આર વાણીયા દ્વારા જાહેર કરાયું છે.

**વિભલનગરમાંથી ક્ષત્રિય આધેડ ગુમ**

શહેરના યુનિવર્સિટી રોડ ઉપર આવેલ વિમલ નગર શેરી નં.૫ માં રહેતા ગજેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજાએ ગાંધીગ્રામ-૨, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ અજય સિંહ બહાદુરસિંહ જાડેજા(ઉં. વર્ષ ૪૭) કોઈને કહ્યા વગર ઘરેથી એકલા ગુમ થયા હોવાની નોંધ કરાવતા પી.એસ.આઇ. ડી.બી. કારેથા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

વરલીનો જુગાર રમતાં ત્રણ શખ્સો ઝડપાયા

આજીડેમ પોલીસ મથકના એ.એસ.આઇ. એચ.આર. ચાનીયા સાથે પેટ્રોલીંગમાં બાતમીના આધારે ખારચીયા ગામમાં કનૈયા પાન પાસે દરોડો પાડી વરલી ફીચરનો જુગાર રમતા ભુપત મુંધવા, વિપુલ પરમાર (રહે. બંને ખારચીયા)ને દબોચી રૂા.૧૩૩૫૦ની રોકડ કબ્જે કાયદેસરની કબ્જે કરી હતી.

બીજા દરોડામાં ભક્તિનગર પોલીસની ટીમે બાબરીયા મેઇન રોડ પર ક્રિષ્ના ચોક, સ્વામી નારાયણ મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા આશીફ સૈયદ (રહે. રઘુવીરપરા શેરી નં.૨)ને ઝડપી રૂા.૫ હજારનો મોબાઇલ કબ્જે કર્યો હતો.

### શૈતાનીયત, વિકૃતીની સતત બનતી ઘટનાઓમાં વધુ એક બનાવથી મચ્યો ખળભળાટ

# હવસખોર ઢગાનું નવ વર્ષની માસીયાઇ બહેન સાથે કૂકર્મ

### ઘરે કોઇ ન હોવાનું જાણી પહોંચી ગયોઃ મુખમૈથુન કરાવ્યુંઃ પડોશીને શંકા જતાં કમાડની તિરાડમાંથી વિડીયો ઉતારી પોલીસને જાણ કરી દીધીઃ ભાગી ગયેલા ઓગણીસ વર્ષના આરોપીની શોધી લેવાયો

**(દર્શનસિંહ જાડેજા)**

રાજકોટઃ રાજ્યભરમાં વિકૃતી, હવસખોરી, છેડતી, પજવણી, દૂષ્કર્મની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. વધુ એક ખળભળાટ મચાવતો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક ઓગણીસ વર્ષના ઢગાએ નવ જ વર્ષની પિત્રાઇ બહેન સાથે કૂકર્મ આચરી લીધુ હતું. માસીયાઇ બહેન ઘરે એકલી છે એ જાણીને આ હવસખોર ત્યાં પહોંચી ગયો હતો અને નવ વર્ષની બહેન પાસે મુખમૈથુન કરાવી લીધુ હતું. આ વખતે પડોશીને આ ઢગો ઘરમાં ઘુસ્યાની અને બાદમાં દરવાજો બંધ કર્યાની ખબર પડતાં કંઇક શંકાસ્પદ લાગતાં કમાડની તિરાડમાંથી આ ઢગાની કરતૂતનો વિડીયો બનાવી પોલીસને જાણ કરી દેતાં પોલીસ પહોંચી હતી અને લવરમુછીયા એવા હવસખોર રત્નકલાકારની ધરપકડ કરી હતી. પોક્સો સહિતની કલમો હેઠળ પોલીસે કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

ચોંકાવનારી અને ખળભળાટ મચાવતી ઘટનાની વિગતો પર નજર કરીએ તો ભાઈ-બહેનના પવિત્ર સંબંધને લજવતો વધુ એક કિસ્સો સુરતના કતારગામ વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે.મુળ અમરેલીના રત્નકલાકારને મળવા આવેલા ઓગણીસ વર્ષના ભાણેજે જ પરિવારજનોની ગેરહાજરીમાં રત્નકલાકારની નવ વર્ષની બાળકી પાસે તેના નાના ભાઈની હાજરીમાં મુખમૈથુન કરાવ્યું હતું. લબરમૂછીયાની કરતૂતને પાડોશીએ જોઈ બાળકીના માતાપિતાને જાણ કરતા મામલો પ્રકાશમાં આવતા ચોકબજાર પોલીસે ગુનો નોંધી લબરમૂછીયા રત્નકલાકારની ધરપકડ કરી હતી. પોલીસે આ કકિસ્સામાં જાહેર કરેલી વિગતો મુજબ મૂળ અમરેલીના વતની અને હાલ સુરતના કતારગામ વિસ્તારમાં પત્ની, એક પુત્રી અને બે પુત્ર સાથે રહેતા ચોત્રીસ વર્ષીય રત્નકલાકારની સગી બહેન કાપોદ્રા વિસ્તારમાં રહે છે. સગી બહેનનો રત્નકલાકાર તરીકે કામ કરતો ઓગણીસ વર્ષીય દીકરો અવારનવાર તેમના ઘરે આવે છે અને સાંજે પણ તે રત્નકલાકારના સાળા સાથે તેમના ઘરે આવ્યો હતો.

સાંજે પાંચ વાગ્યે તમામે ચા-પાણી કર્યા બાદ રત્નકલાકારની ધો.૪ માં ભણતી ૯ વર્ષની દીકરી, સાત વર્ષનો દિકરાને તેઓ ઓગણીસ વર્ષના ભાણેજના ઘરે મૂકી રત્નકલાકાર પત્નિ, સાળા અને સૌથી નાના પાંચ વર્ષના પુત્ર સાથે પોણા છ વાગ્યાના અરસામાં ઘરેથી ચાલતા ચાલતા ધ્રુવતારક સોસાયટીમાં માર્કેટમાં શાકભાજી અને સાડી ખરીદવા ગયા હતા.પંદરેક મિનિટ બાદ તેમના પાડોશીએ ફોન કરી તેમને તાત્કાલિક ઘરે આવવા કહેતા તમામ ઘરે પહોંચ્યા ત્યારે ઘરમાં દીકરી શિલ્પા, ભાણેજ મનીષ અને નાનો દીકરો હાજર હતા.દીકરી શિલ્પા ગભરાયેલી હોય અને પાડોશીની સાથે એપાર્ટમેન્ટના અન્ય રહીશો પણ ત્યાં હાજર હોય રત્નકલાકારે પાડોશીને શું થયું છે તેમ પૂછતાં તેમણે જણાવ્યું હતું કે તે હજીરા ખાતે રો-રો ફેરીની ટિકિટ બૂક કરાવી સાંજે છ વાગ્યે પત્ની સાથે પરત આવ્યા ત્યારે રત્નકલાકારના ઘરની બહાર અજાણી વ્યક્તિની ચંપલ જોઈને શંકા જતા દરવાજો ખટખટાવ્યો હતો. ત્યારે રત્નકલાકારના સૌથી નાના દીકરાએ દરવાજો ખોલી પાડોશીએ મમ્મી પપ્પા ક્યાં છે તેવું પૂછતાં સાડી લેવા ગયા છે તેમ કહી દરવાજો બંધ કરી દીધો હતો.આથી પડોશીને વધુ શંકા ગઈ હતી.પાડોશીએ બંધ બારીની ફાટમાંથી જોતા રત્નકલાકારના ઘરમા એક છોકરો શિલ્પા સાથે મુખમૈથુન કરતો હતો.આથી તેમણે તરત ફોન કરી રત્નકલાકારને ઘરે બોલાવ્યા હતા. રત્નકલાકારે આ અંગે ભાણેજ મનીષને પૂછતાં તેણે ખોટું કામ કર્યાની કબૂલાત કરી હતી. રત્નકલાકારે તેને ઠપકો આપતા તે ત્યાંથી ચાલ્યો ગયો હતો. બાદમાં દીકરી ગભરાયેલી હોઇ મોડેથી ચોકબજાર પોલીસ મથકમાં સગા ભાણેજ વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે તેને તેના ઘર પાસેથી ઝડપી લીધો હતો.



પરિવારજનોની ગેરહાજરીમાં ઢગાએ તેની પિતરાઈ બહેન સાથે તેના નાના ભાઈની હાજરીમાં ગર્દી હરકત કરતો હતો ત્યારે પાડોશીને શંકા જતા દરવાજો ખટખટાવ્યા બાદ રત્નકલાકરના નાના દીકરાએ દરવાજો બંધ કરી દેતા તેમની શંકા પ્રબળ બની હતી. આથી તેમણે બંધ બારીની ફાટમાંથી તેમણે અંદર જોયું અને જે દ્રશ્ય નજરે ચઢ્યું તેને પોતાના મોબાઈલ ફોનમાં રેકોર્ડ કરી આ અંગે તરત પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતા ચોકબજાર પોલીસ બાળકીના માતાપિતા આવે તે પહેલા ત્યાં પહોંચી હતી. પોલીસ પહોંચે તે પહેલા ઢગો ત્યાંથી ભાગી ગયો હતો.પોલીસે બાદમાં ઝડપી પાડી પૂછતાં તેણે આ કરતૂત પહેલી વખત કરી હોવાનું પોલીસને જણાવ્યું હતું.

### સામાન્ય રીતે પતિ-સાસરિયાના ત્રાસથી પરિણીતાઓ મોત મેળવતી હોય, અહિ ઉલ્ટુ થયું!

# પુત્રવધૂ અને વેવાઈપક્ષના ત્રાસથી ખેડૂતે મોત મીઠુ કર્યુ

## મરતાં પુર્વે ઓમનગરના ખેડૂતે ચિઠ્ઠીમાં લખ્યું-મારા મોત પાછળ પરબત રામશી (વેવાઈ), ભુમિ (પુત્રવધૂ) જવાબદાર છે સરકારને અપિલ કે દિકરા સંદિપ અને ભૂમિના ડિવોર્સ કરાવી દેજોઃ ભૂમિકા તે એક જીવ લીધો તો હવે મારો જીવ લીધો!

(દર્શનસિંહ જાડેજા)

રાજકોટઃ પરિણીતાઓ દ્વારા આપઘાતની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. જેમાં ઘણા કિસ્સાઓમાં પતિ કે સાસુ સસરા સહિતનાઓનો ત્રાસ જે તે પરિણીતાઓને મરી જવા માટે મજબૂર કરતો હોય છે. અનેક વખત આવા બનાવોમાં સાસરિયાઓ સામે પોલીસે એફઆઈઆર દાખલ કરી તેને જેલમાં પણ ધકેલી દે છે. પરંતુ રાજકોટ શહેરમાં એક અલગ જ બનાવ બન્યો છે. જેમાં પુત્રવધૂ અને વેવાઈ પક્ષના ત્રાસથી કંટાળીને સસરાએ આત્મહત્યા કરી લીધી છે. મવડી વિસ્તારમાં રહેતાં પંચાવન વર્ષના ખેડૂતે ઝેરી દવા પી દુનિયા છોડી દીધી છે. તેમણે આપઘાત પુર્વે એક ચિઠ્ઠી લખી છે જેમાં હાલ રિસામણે ગયેલી પુત્રવધૂ અને તેના પિતા સહિતનાનો ત્રાસ જવાબદાર હોવાની ચોંકાવનારી વિગતો લખી છે. આ ચિઠ્ઠીને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો મવડી ચોકડી પાસે ઓમનગર રત્નમ્ સોસાયટીમાં રહેતાં પંચાવન વર્ષના જેન્તીભાઇ કાનજીભાઇ કારેણા નામના પ્રૌઢે ઝેરી દવા પી આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. પોતાના આપઘાત પાછળ પુત્રવધુ અને વેવાઇ પક્ષના લોકો જવાબદાર હોવાના ચોંકાવનારા આક્ષેપો જેન્તીભાઇએ લખેલી ચિઠ્ઠીમાં કરવામાં આવ્યા હોઇ પોલીસે તપાસ શરૂ કરી છે. જેમાં પુત્રવધુ પર આક્ષેપ કરતાં લખ્યું છે કે ભુમિ તે એકનો જીવ તેની બહેનનો લીધો, હવે મારો વારો, પરબત મેઇન છે! સરકારને અપીલ કરી છે કે મારા દિકરા અને વહૂના છુટાછેડા કરાવી આપજો. વધુ વિગત જોઇએ તો ઓમનગર રત્નમ્ સોસાયટીમાં રહેતાં જેન્તીભાઇ કારેણાએ ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસાર આત્મહત્યા કરી લેનારા ખેડુત જેન્તીભાઇ કારેણા ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તે એક બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર સંદિપ છે. તેમના ભાઇ કરસનભાઇ કારેણાએ જણાવ્યું હતું કે જેન્તીભાઇના આપઘાત પાછળ તેમની પુત્રવધુ ભૂમિ અને વેવાઇ પક્ષનો ત્રાસ જવાબદાર છે. ભૂમિ ચારેક મહિનાથી સુરત રિસામણે જતી રહી છે. તેનો ભાઇ લાખો



અગાઉ પણ પ્રૌઢે ઝેર પીધુ હતુંઃ પુત્રવધૂનો ભાઇ સટ્ટામાં લાખો હારી ગયો હોઇ અડધી જમીન પડાવવા પ્રેશર હોવાનો પણ ચિઠ્ઠીમાં ઉલ્લેખ

રૂપિયા હારી ગયો હોઇ જેથી તેની રકમ તેઓ મારા ભાઇ જેન્તીભાઇ પાસેથી કઢાવવા જમીન પર ડોળો નાખીને બેઠા હતાં. આ કારણે ભૂમિને પાછી સાસરે મોકલતા નહોતાં અને હેરાન કરતાં હતાં.

આપઘાત પુર્વે જેન્તીભાઇએ એક સ્યુસાઇડ નોટ લખી છે તેમાં લખ્યું છે કે-હું લખનાર જેન્તીલાલ કાનજી, મારા મોત માટે ખાસ જવાબદાર પરબત રામશી, હંસા પરબત, જેનતી રાજા ખાસ જવાબદાર છે. આ પહેલા પણ મેં દવા પીધી હતી પણ ભગવાને મને બચાવી લીધો હતો. તે બધાને મારી જમીન તેની દિકરી (મારા દિકરાની વહુ)ના નામે કરાવીને ભુમિને મોકલવી પણ નથી.

અહિથી કાપડ ભરવા ગયા હતાં અને ૧૧ દિવસ રોકાઇને પછી આ બધુ ચાલુ કર્યુ. તેનો પિયુષ ૮૪ લાખમાં હારી જતાં હવે જમીન હડપ કરવાની વાતુ કરે છે. સંદિપ તું હીતનું ખાસ અને તારી મમ્મીનું ધ્યાન રાખજે, ગામડે જતા રહેજો, ભુમિ પણ એટલા જ જવાબદાર છે. સગા વહાલા ભાયુ કુટુંબ સંદિપનું ધ્યાન રાખજો, અને સંદિપ હિમ્મત ન હારતો, સરકારને નમ્ર અપીલ કે ભુમિ અને સંદિપના ડિવોર્સ છુટાછેડા કરાવી આપશો. લી. જેન્તીલાલ કાનજી કારેણા. ભુમિએ એકનો જીવ તેની બહેનનો લીધો અને હવે મારો વારો, પરબત મેઇન છે....જે. કે. કારેણા.

અંતિમવિધી બાદ પોલીસે આ ચિઠ્ઠીને આધારે તપાસ કરી નિવેદનો નોંધી આગળ કાર્યવાહી કરશે. આ બનાવથી કારેણા-સગર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. ઉલ્લેખનિય છે કે જેન્તીભાઇએ અગાઉ પણ દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્યારે પણ સ્યુસાઇડ નોટમાં તેની પુત્રવધૂ ભૂમિ (ભૂમિકા) અને તેના પપ્પા પરબતભાઇ ખાસ જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો હતો.

તે વખતે ચિઠ્ઠીમાં આક્ષેપ કર્યો હતો કે ભૂમિકાનો ભાઇ સટ્ટા બજારમાં હારી જતાં મારી પાસેની અડધી જમીન તેના નામે કરાવવા પ્રેશર કરે છે આ કારણે કંટાળીને હું પગલુ ભરુ છું. મારા દિકરાને તેનાથી બચાવી લેજો... લી. જેન્તીલાલ કાનજી કારેણા. આમ આ કિસ્સામાં ઉલ્ટીગંગા વહી હોય તેમ પુત્રવધૂ અને વેવાઇ પક્ષના ત્રાસથી એક સસરા મરી જવા માટે મજબૂર થયા હતાં. નિવેદનો બાદ તાલુકા પોલીસ ગુનો નોંધે તેવી શક્યતા છે.

# મહંત સ્વામી મહારાજનું ગોંડલ અક્ષર મંદિરમાં આગમન

## અક્ષર મંદિર ખાતે ૨૨ દિવસ સુધી મહંતસ્વામી મહારાજનો સત્સંગ લાભ પ્રાપ્ત થશે



(ફોટો : કુલદીપસિંહ જાડેજા)

રાજકોટ મિરર, ગોંડલ તા. ૧૫

તા.૧૩/૯/૨૦૨૪, રવિવારે સવારે ૧૧:૪૫ વાગ્યે, બોચાસણવાસી શ્રીઅક્ષર-પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના સુત્રધાર પ્રગટ બ્રહ્મસૂરૂપ મહંત સ્વામી મહારાજનું સોરઠના પ્રવેશદ્વાર સમા ગોંડલમાં પાવનકારી આગમન થયું છે. આ પ્રસંગે હજારો હરિભક્તોએ મહંત સ્વામીને આનંદ ઉલ્લાસભેરવધાવ્યા હતાં. મહંતસ્વામી અક્ષરદેરી તેમજ અક્ષર મંદિરે ઠાકોરજીના ભાવપૂર્વક દર્શન કરી યોગી સભા મંડપમ ખાતે આયોજીત સ્વાગત સભામાં પધાર્યા હતા.

જ્યાં તેઓનું સ્વાગત અક્ષરમંદિરના કોઠારી સંત દિવ્યપુરુષ સ્વામી, આરુણી ભગત તેમજ વડીલ સંતોએ કલાત્મક હાર દ્વારા મહંત સ્વામી મહારાજનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તા.૧૬/૧૦/૨૦૨૪ના રોજ શરદપૂનમે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૪૦મો જન્મોત્સવ, સાંજે ૦૭ થી ૧૦ વાગ્યા દરમ્યાન અતિ ભવ્યતાથી ઉજવાશે. તા.૨૩ અને તા.૨૫ના રોજ સવારે ૯ વાગ્યે દીક્ષા મહોત્સવ યોજાશે. જેમાં મહંત સ્વામી મહારાજના હસ્તે, બુધવારે પાર્ષદી દીક્ષા અને શુક્રવારે ભાગવતી દીક્ષા નવયુવાનો ગ્રહણ કરશે.

તા.૨૯/૧૦/૨૦૨૪ મંગળવાર, ધનતેરશના શુભ દિવસે વિશ્વશાંતિ મહાયાગ, બ્રાહ્મ મુહૂર્તમાં વહેલી સવારે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન પવિત્ર ગોંડલી નદીના કિનારે અક્ષરઘાટ પર યોજાશે. તા.૩૧,ગુરુવારને દીપોત્સવી દીને ચોપડા પૂજન નિમિત્તેમહાપુજા સાંજે ૦૪:૩૦ વાગ્યે શરૂ થશે. અને તા.૦૨/૧૧/૨૦૨૪ શનિવાર, નૂતનવર્ષના પવિત્ર દિને અન્નકૂટ દર્શનનો લાભ સવારે ૯ થી સાંજે ૭ વાગ્યા સુધી પ્રાપ્ત થશે.

### વ્યાજંકવાદ સામેના લોકદરબારની વ્યાજંકવાદી પર કોઈ અસર નહિ ?

# ઈમિટેશનના કારખાનેદાર પાસેથી લાખોના વ્યાજની પઠાણી ઉઘરાણી કરનાર બે વ્યાજખોરો સામે ગુન્હો

## વ્યાજે લીધેલા પૈસા આપી દીધા હોવા છતાં વધુ વ્યાજ માંગીને વ્યાજખોરોએ આપી ધમકી

રાજકોટ મિરર, તા.૧૫

ઈમિટેશનના ધંધામાં મંદી આવ્યા બાદ ધંધો પાટે ચડાવવા માટે વ્યાજની ચુંગાલમાં ફસાયેલા ઈમીટેશનના કારખાનેદારને બે વ્યાજખોરોએ વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને જિંદગી બગાડી નાખવાની ધમકી આપ્યાની બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વ્યાજખોરો સુધી પહોંચવા કવાયત આદરી છે.

અત્રે સવાલ એ થાય છે કે શહેરમાં સમયાંતરે પોલીસ તંત્ર વ્યાજંકવાદને નાબૂદ કરવા માટે લોકદરબારોના આયોજનો કરે છે, પરંતુ આવા લોકદરબારની વ્યાજંકવાદીઓ ઉપર કોઈ અસર ન પડતી હોવાનું સાબિત થઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના રાજમોતી રેસીડેન્સી, સેટેલાઈટ ચોક, શ્રી વિલાની સામે મોરબી રોડ ઉપર ''માં ધરાવાળી ખોડીયાર'' નામના મકાનમાં રહેતા વિશાલભાઈ કાંતિલાલ પટેલે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે. આરોપી તરીકે ધીરુ ટોળિયા અને પ્રદીપ ચૌહાણના નામ આપ્યા છે. ફરિયાદમાં વિશાલભાઈ જણાવ્યું છે કે તેઓ માર્કેટિંગ યાર્ડ સામે, શક્તિ સોસાયટી, શેરી નંબર ૨ માં, ''માં ધરા વાળી ખોડીયાર'' ના નામે ઈમિટેશનનું કારખાનું ધરાવે છે. ધંધામાં મંદી આવતા ભારે આર્થિક સંકળામણ અનુભવી રહ્યા હતા. ધંધાની ગાડી પાટે ચડાવવા માટે તેમણે ધીરું ટોળીયા નામના શખ્સને વ્યાજે પૈસા આપવા વાત કરી હતી. આ આ તકે ધીરુભાઈએ પોતાના ભાઈ પોપટભાઈ પાસેથી ત્રણ ટકા વ્યાજે રૂપિયા પાંચ લાખ અપાવ્યા હતા. આ પૈસા સામે વિશાલભાઈએ કરન નામના યુવાનખાતામાં રૂ.૪.૪૬ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા તેમજ રૂપિયા ૭.૨૮ લાખ રોકડા મળી કુલ રૂપિયા ૧૧.૭૪ લાખ આપી દીધા હતા. બીજી બાજુ વધુ પૈસાની જરૂર પડતા વિશાલને ધીરુભાઈએ તેમના મિત્ર તેજારામ પ્રજાપતિ પાસેથી રૂપિયા એક લાખ ચાર ટકાના વ્યાજે અપાવ્યા હતા.

આ રકમ સામે રૂપિયા ૬૮ હજાર ઓનલાઇન તેમજ રૂપિયા ૩૬ હજાર રોકડા મળી કુલ રૂપિયા ૧,૦૪,૦૦૦ આપી દીધી હતા.

છતાં ધીરુ ટોળિયાએ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ધાક ધમકીઓ આપી હતી અને કહ્યું હતું કે મને વ્યાજ નહીં ચૂકવે તો તારી જિંદગી બગાડી નાખીશ.

આવી ધમકીથી સતત ટેન્શનમાં રહેતા હતા. દરમિયાન વિશાલ પટેલે અગાઉ પૈસાની જરૂર પડતા તેમણે પોતાના મિત્ર પ્રદીપ ચૌહાણ પાસેથી રૂપિયા ૧૧ લાખ પાંચ ટકાના વ્યાજએ લીધા હતા. આ રકમ સામે પણ વ્યાજ સહિત વિશાલે રૂપિયા ૧૬ લાખ ચૂકવી દીધા હતા. છતાં ધીરુ ટોળિયા અને પ્રદીપ ચૌહાણ વધુ વ્યાજ આપવા માટે સતત ધમકી આપતા હોય, હવે જીવન જીવવું અસહ્ય લાગતું હોય વિશાલ પટેલે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરીને ઉપરોક્ત બંને વ્યાજખોરો સુધી પહોંચવા કવાયત આદરી છે.

# મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ

## ચાલુ એકટીવાએ બે શખ્શો બનાવને અંજામ આપી ફરાર

રાજકોટ મિરર, તા.૧૫

ગઈકાલે મોડી રાત્રીના મોરબી રોડ પર એકટીવા ચાલક મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી બે બાઈકસવારો હવામાં ઓગળી ગયાની બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે જુદા જુદા સીસી કેમેરાના ફૂટેજ પરથી બે બાઈકસવારોને શોધવા કવાયત આદરી છે.

મોરબી રોડ પર જકાતનાકા પાસે ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં રહેતાં અરજણભાઈ મોહનભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ માલીયાસણ ગામની સીમમાં આવેલ ખેતીની જમીનમાં ખેતીકામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓ સોમવારે સાંજના છ એક વાગ્યાની આસપાસ તેમના પત્ની અને દસ વર્ષીય પૌત્ર સાથે એક્ટીવામાં તેમના નવાગામ દિવેલીયાપરામાં રહેતાં સંબંધી જયંતીભાઇ વસોયાની ઈમીટેશનની ભઠ્ઠી ખાતે જમણવાર રાખેલ હોય ત્યાં ગયા હતાં. બાદમાં રાત્રીના નવેક વાગ્યાની આસપાસ તેઓ ઘરે પરત ફરતા હતા. ત્યારે મોરબી રોડ પર મયુર ભજીયા વાળાની દુકાનની સામે પહોચતા એક બાઈકમાં ડબલ સવારી શખ્સો પાછળથી ઘસી આવી તેમને પોતાનું બાઈક એક્ટિવા નજીક ચલાવી એકટીવામાં પાછળ બેસેલ પત્નીના ગળામાં પહેરેલ રૂ. ૯૦ હજારની સોનાની ત્રણ તોલાની માળા ગળામાંથી ઝુંટવી લઇ મોરબી જકાતનાકાથી જુના મોરબી રોડ તરફ પોતાનું બાઈક શખ્સો નાસી છૂટયા હતાં. ફરિયાદીએ દેકારો કર્યો પણ સમડી તેમના પત્નીના ગળામાંથી રૂ.૯૦ હજારનો સોનાનો ચેઈન ઝુંટવી નાસી છૂટવામાં સફળ થતાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે અજાણ્યાં શખ્સો સામે ગુનો નોંધી પીએસઆઇ જે.આર.સોલંકી અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.

### બ્લુ ફિલ્મ જોવાના એડિક્ટ શખ્સની ગૂગલ હિસ્ટ્રીમાં પોર્ન સાઇટની ઢગલાબંધ ડિટેઇલ મળી

# મોબાઈલમાં નગ્ન ફિલ્મ જોઇ રઘવાયા થયેલા ઝુબેરે નર્સની કરી છેડતી

## હોસ્પિટલના ઉપરના માળે રહેતાં ઝુબેરે ઈમર્જન્સી વોર્ડમાં સુતેલી નર્સને ઉલ્ટીની દવાના બહાને બોલાવી અશ્લિલ ચાળા કર્યાઃ પોલીસે કરી ધરપકડ

(દર્શનસિંહ જાડેજા)

રાજકોટઃ ઠેકઠેકાણે હવસખોરો પડ્યા પાથર્યા રહેતાં હોય છે. તે પોતાની કરતૂતોને કારણે બીજાની નજરે ચડે છે અને પછી પોલીસની કાર્યવાહીનો ભોગ બને છે. આ પ્રકારના કિસ્સાઓ રોજબરોજ સામે આવે છે. વિકૃત ઢગાઓ ક્યારે શું કરે તે કહી શકાતુ નથી. વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેમાં મોબાઇલ ફોનમાં નગ્ન ફિલ્મો જોવાની કુટેવ ધરાવતો એક ઢગો પોતે જ્યાં રહે છે એ ઉપરના મકાનની નીચેના ભાગે હોસ્પિટલ આવેલી હોઇ અહિ નોકરી કરતી નર્સ પર તેણે નજર બગાડી હતી. બ્લુ ફિલ્મ જોયા બાદ રઘવાયો થયો હતો અને ઉલ્ટીની દવાના બહાને નર્સને રાતે બહાર બોલાવી તેની સાથે અશ્લીલ હરકતો શરૂ કરી દેતાં તે ડઘાઇ ગઇ હતી અને દેકારો મચાવી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે કાર્યવાહી કરી આ ઢગાની ધરપકડની તજવીજ કરી હતી.આ બનાવની વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતના લિંબાયતમાં બની છે. અહિ ખાનગી હોસ્પિટલમાં રાત્રે ત્રણ વાગ્યે ઊલટીની ફરિયાદ સાથે આવેલા ઝુબેર શકીલ અંસારીને નર્સ દવા આપી રહી હતી, તે વખતે વિકૃત હરકત કરી હતી. વિકૃત છેડતીનો ભોગ બનેલી આ નર્સે લિંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઝુબેરની ધરપકડ કરી હતી. આરોપીના મોબાઈલની તપાસ કરતા જાણવા મળ્યું કે, તે બિભસ્ત વીડિયો જોવાનો એડિક્ટ હતો. ઓનલાઈન અશ્લીલ ફિલ્મ જોઈ નર્સે પાસે બદઇરાદે પહોંચી ગયો હતો.

ઘટના મામલે પોલીસે જાહેર કરેલી વધુ માહિતી અનુસાર લિંબાયતની એકવીસ વર્ષી



ય યુવતી ખાનગી હોસ્પિટલમાં નર્સ છે. તેણી નાઈટ શિફટમાં નોકરીએ આવેલી યુવતી હોસ્પિટલનો ગેટ બંધ કરી ઈમરજન્સી વોર્ડમાં બેડ પર સૂતી હતી. રાત્રે ત્રણ વાગ્યે એક યુવક આવ્યો હતો અને દરવાજો ઠોકતાં તે ઊઠી હતી. આ યુવક હોસ્પિટલની ઉપર પરિવાર સાથે રહેતો ઝુબેર શકીલ અંસારી હતો. આ યુવક પહેલાં આ હોસ્પિટલના મેડિકલ સ્ટોર્સમાં જ નોકરી કરતો હોવાથી નર્સ તેને ઓળખી ગઈ હતી. પોતાને ઊલટી થતી હોવાથી દવા આપવાનું જણાવતાં નર્સે ગેટ ખોલી દીધો હતો અને દવા શોધવા માટે મેડિકલ સ્ટોર્સમાં પહોંચી હતી. તેની પાછળ જ આ યુવક પણ મેડિકલમાં આવ્યો હતો. યુવતી દવા લઈને ફરી તે સાથે જ પાછળ ઊભેલો ઝુબેર બિભસ્ત હરકતો સાથે અશ્લીલ ઈશારા કરતો હોવાથી યુવતી ડથાઈ ગઈ હતી. નર્સે બૂમો પાડતાં જ તે ભાગી છૂટયો હતો. આ પછી હોસ્પિટલના સ્ટાફે તરત આ મામલે પોલીસને જાણ કરતાં લિંબાયત પોલીસ ત્યાં દોડી આવી હતી. નર્સની ફરિયાદને આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. તેનો મોબાઇલ ફોન ચેક કરવામાં આવતાં તેની ગૂગલ હિસ્ટ્રીમાં પોર્ન સાઇડ્સની ડિટેઇલ મળી આવી હતી. આ યુવક પોર્ન સાઇટ જોવાનો એડિક્ટ હતો. ઓનલાઈન અશ્લીલ ફિલ્મ જોઈ આ યુવક નર્સે પાસે બદઇરાદે પહોંચી ગયો હતો. છેડતી, પજવણી, દૂષ્કર્મની ઘટનાઓ રોજબરોજ બને છે. જેમાં મોટા ભાગે તો જે તે બાળા કે યુવતિ કે સગીરાને ભોગ બનાવનારા તેના પરિચીત જ હોય છે. આ ઘટનામાં પણ હવસખોરીનો પ્રયાસ કરનારો હોસ્પિટલ પાસે જ રહેતો શખ્સ હતો. પોલીસે આ ઘટનામાં કડક કાર્યવાહી કરી છે.

દિવાળી પુર્વે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં આક્ષેપોની હોળી

# પ્રેસની હાજરીમાં પ્રશ્નોનો મારો ચલાવો છો પરંતુ મારી ચેમ્બરમાં ક્યારેય રજૂઆત કરવા આવ્યા છો મનસુખભાઈ?: પ્રમુખ

## કોંગ્રેસના માત્ર બે સભ્યોએ જ પૂછ્યા પ્રશ્નો : ભાજપના આગેવાનો દ્વારા સેવવામાં આવી ચૂપકિદી




## સામાન્ય સભામાં ભાજપ અને કોંગ્રેસ આવ્યા સામે સામે થયા શાબ્દિક પ્રહારો : સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા યોગ્ય ઉત્તર આપવામાં ન આવતા આગેવાનો વિફર્યા

## અધ્યક્ષ સ્થાનેથી મૂકવામાં આવેલા આઠ ઠરાવોને મળી સર્વાનુમતે બહાલી

રાજકોટ, તા. ૧૫

રાજકોટ જિલ્લા પંચાયત ખાતે ગઈકાલે કોર્ટ બિલ્ડિંગમાં સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહત્વનું એ છે કે આજે જે સભાયોજાણી તેમાં કુલ ૩૪ સભ્યોમાંથી માત્ર બે સભ્યોએ જ પ્રશ્નો પૂછ્યા હતા અને તે પણ કોંગ્રેસી આગેવાનોના પ્રશ્નો હોવાનું માલુમ પડ્યું હતું. આ વાતને લઈ ઘણા ખરા પ્રશ્નો પણ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ઉઠવા પામ્યા. મહત્વનું એ છે કે જે પ્રશ્ન પૂછવામાં આવ્યા તેમાં ઘણાખરા તથ્યો પણ હતા જેમકે સિંચાઈને લગતા પ્રશ્નો રોડ રસ્તા ને લઈને પ્રશ્નો પરંતુ જ્યારે કોંગ્રેસી આગેવાન દ્વારા આ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો તો કોઈ યોગ્ય જવાબ આપવાના બદલે





હમલી બનાવવામાં આવ્યા તે અંગેનો પણ અત્યંત મહત્વનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. ગામડાઓની વાત કરવામાં આવે તો જિલ્લા કક્ષા હેઠળ જે ૧૫ માં નાણાપંચ મુજબ ૧૦ ટકા આયોજનમાં જે ગાઈડ લાઈન પ્રમાણે પાંચ લાખની રકમ નીચેના કામો લઈ શકાય કે કેમ તે અંગે પણ પ્રશ્ન પૂછાયો. પરંતુ જે નક્કર જવાબ મળવો જોઈએ તે મળી શક્યો ન હતો અને પરિણામ સ્વરૂપે અનેકવિધ પ્રશ્નો અને સામાન્ય સભા અત્યંત ચર્ચાસ્પદ બની હતી. માહિતી મુજબ દિવાળી પહેલા ની આ ખાસ સામાન્ય સભામાં પડતર રહેલા કામો અને ઠરાવોને સળવાનું મતે બહાલી આપવામાં આવી પરંતુ જે નક્કર

### જિલ્લા પંચાયત પ્રમુખને મળતું વેતન દીકરીની માતાને પોષણ સહાય યોજના માટે આવશે વાપરવામાં

રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પ્રમુખ પ્રવિણાબેન રંગાણી દ્વારા દીકરીની માતાને પોષણ સહાય યોજના માટે દીકરીના જન્મ સમયે પરિવારને એક કિલો ગીર ગાયનું ઘી, કપડા અને દવાની પીઠ માટે ₹૪,૦૦૦ ની મદદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે માટે અંદાજે રૂપિયા ૧૦ લાખ સુધીની જોગવાઈ આવનારા રિવાઈઝ બજેટ માં કરવા માટે સામાન્ય સભામાં ઠરાવ મુકવામાં આવ્યો હતો. જેને કરવાનું મતે બહાલી આપવામાં આવી હતી એટલું જ નહીં જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે તેમને જે વેતન મળે છે તેનો ઉપયોગ લોકહિત અને સમાજ સેવામાં થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે જે બાદ જિલ્લા પંચાયતના તમામ સભ્યોને સદસ્યો દ્વારા આ નિર્ણયને બિરદાવવામાં આવ્યો હતો. આ સામાન્ય સભા ની બેઠકમાં જામકંડોરણામાં અગ્નિવીર સૈનિકનું મૃત્યુ થતાં જિલ્લા પંચાયત રાજકોટ દ્વારા પરિવારને નાણાકીય સહાય પણ આપવામાં આવી.

### વિચરતી જનજાતિના બાળકો માટે શિક્ષણ સહાય ને લઈ દર વર્ષે રૂપિયા ૫૦૦૦ ની સહાય આવશે આપવામાં

વિચારતી જનજાતિના બાળકો માટે શિક્ષણ સહાય ને લઈ સામાન્ય સભામાં મહત્વની જાહેરાત કરવામાં આવી જેમાં ધોરણ ૧૨ સુધી પ્રતિ વર્ષ ૫૦૦૦ રૂપિયાની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે માટે ૨૦ લાખ સુધીની જોગવાઈ આગામી રિવાઈસ બજેટમાં કરવા માટેના ઠરાવને પણ બેઠકમાં મંજૂરી મળી છે. હાલ મહત્વની વાત એ છે કે જિલ્લા પંચાયત રાજકોટની સામાન્ય સભામાં પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તાલુકા સ્થળ ઉપર ઘણા ખરા એવા ગરીબ બાળકો છે કે જેઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સહેજ સક્ષમ નથી ત્યારે આ તમામ બાળકોને એક વર્ષની અંદર ૫૦૦૦ રૂપિયા આપવામાં આવશે જેથી તેઓ પુસ્તક સહિતની ચીજ વસ્તુઓની ખરીદી કરી શકે.

### ઉપલેટા જસદણ ના અનેકવિધ ગામોમાં હજુ સુધી પાક નુકસાની નો સર્વે નથી ધરાયો હાથ : કોંગી આગેવાન દ્વારા કરાય આક્ષેપ

જિલ્લા પંચાયત રાજકોટની સામાન્ય સભામાં કોંગ્રેસના આગેવાન મનસુખ સાકરીયા દ્વારા સત્તાધિશો પર આક્ષેપો લગાવવામાં આવ્યા હતા ને જણાવવામાં આવ્યો હતો કે ઉપલેટા જસદણના અનેક ગામોમાં હજુ સુધી જે પાક નુકસાનીનો સર્વે કરવામાં આવવાનો હતો તે થયો નથી જેના જવાબમાં ખેતીવાડી વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે જે ગામડાઓમાં 33% થી ઓછું નુકસાન થયું હોય તે ગામોમાં સર્વે કરવામાં આવતો નથી પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ હોવાથી પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જસદણ અને ઉપલેટાના ગામોમાં ફરી એક વખત પાક નુકસાની નો સર્વે કરવા માટે જણાવવામાં આવ્યું છે પરંતુ ખરા અર્થમાં આ સર્વે કેટલા દિવસમાં પૂર્ણ થશે તેનો હજુ સુધી કોઈ અંદાજો નથી. પરંતુ જે પ્રશ્ન ઊભા થયા છે તે નક્કર છે અને આનાથી જિલ્લા પંચાયતની કામગીરીને ઘણી ખરી અસર પણ પહોંચી છે.

### ભારે વરસાદના પગલે તાલુકાના વિવિધ રસ્તાઓ બિસ્માર થતા હાથ ધરવામાં આવશે વિગતવાર સર્વે

ભારે વરસાદના કારણે હાલ રાજકોટ જિલ્લાના તમામ ડેમોટલો થઈ ચૂક્યા છે અને જે વધારાનું પાણી છે તેનો વ્યય થઈ ગયો છે જે માટે આવનારા દિવસોમાં કોઈ નક્કર આયોજન કરવા માટે નો તખતો ગોઠવવામાં આવશે તો બીજી તરફ ભારે વરસાદના પગલે તાલુકાના વિવિધ રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં જોવા મળ્યા છે જે અંગે પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે આ માટેનો સર્વે હાલ શરૂ કરી દેવામાં આવ્યો છે અને જેટલું નુકસાની હશે તે મુજબનો રિપોર્ટ સરકારમાં મોકલ્યા બાદ આ માર્ગોના મરામતની કામગીરી હાથ ધરવામાં આવશે પરંતુ સત્ય હકીકત એ છે કે શું જિલ્લા પંચાયત દ્વારા ખરાબ થયેલા રોડ રસ્તા ના કામોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે કે કેમ તે સૌથી મોટો પ્રશ્ન છે.

અધિકારીઓ દ્વારા સભ્યોને સંતોષ ન થાય તે મુજબના જવાબો હતા મળતી માહિતી મુજબ કોંગ્રેસના મનસુખ સાકરીયા દ્વારા ગામના તળાવની પાળ સરખી કરવા કેટલો ખર્ચ કરવામાં આવ્યો બીજી તરફ ભુપતભાઈ બોદર સાસણ દરમિયાન પ્રમુખ દ્વારા કેટલું માનદ વેતન ચૂકવવામાં આવ્યું , તો બીજી તરફ જસદણ વિંછીયા તાલુકામાં ચાલુ ચોમાસા દરમિયાન જે વરસાદના કારણે શાકભાજીને નુકસાન થયું તેનો સર્વે અમુક ગામોમાં કરવામાં આવ્યો ન હોવાનું પણ જણાવવામાં આવ્યું જેમાં ભાજપના સત્તાધિશો અને

### જળસંચય જન ભાગીદારી અભિયાન હેઠળ તમામ સદસ્ય દીઠ બે જળસંચયના કામો લઈ કામ દીઠ ₹૬૦,૦૦૦ ની ચૂકવવામાં આવશે સહાય

હાલ વરસાદ ના કારણે ખેતરો અને જમીનોનું ધોવાણ થઈ ગયું છે ત્યારે સુરત થી શરૂ થયેલ જળસંચય જનભાગીદારી અભિયાનને વેગવંતી બનાવવા માટે તાલુકા સ્તર પર બોર ઊભો કરવામાં આવશે જેનાથી રિચાર્જ શક્ય બનેના આ માટે તમામ સદસ્ય દીઠ બે જળસંચય યોજના ના કામો લેવા માટે રૂપિયા ૬૦,૦૦૦ ની સહાય પણ ચૂકવવા માટેની જાહેરાત સામાન્ય સભામાં કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લાના ૧૧ તાલુકામાં ૫૫૦૦ રિચાર્જ બોર ઊભા કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે જેને પરિપૂર્ણ કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી અને પ્રમુખ પ્રવિણાબેન રંગાણી દ્વારા તમામ સભ્યોને અપીલ કરી હતી.

મનસુખ સાકરીયા વચ્ચે ઉઘરા ચર્ચા પણ થઈ હતી. બીજી તરફ વિનુભાઈ મેણીયા દ્વારા ૧૫ માં નાણાપંચ હેઠળ કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા તે અંગેની પણ માહિતી માંગવામાં આવી હતી સાથોસાથ જિલ્લા કક્ષાના વિકાસ કામોમાં કેટલા કામો તાલુકા વિકાસ અધિકારી દ્વારા કામગીરી થવી જોઈએ તે મુજબ એક પણ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાનું પણ માલુમ પડ્યું છે. જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ પણ મનસુખ સાકરીયા ને સામાન્ય સભા દરમિયાન મીડિયા પબ્લિસિટી મેળવવા માટે જ પ્રશ્ન પૂછવામાં આવતા હોવાનો આરોપ અને આક્ષેપ લગાવ્યો હતો.




# આવકવેરા વિભાગની સિસ્ટમ સક્રિયઃ દિવાળી બાદ ત્રાટકશે

## આંતરિક સ્તરે તૈયારીઓ શરૂ : અમદાવાદની ટીમે પણ શરૂ કરી કામગીરી

### આવકવેરા વિભાગ હવે બિલ્ડર-જ્વેલર્સ કોના પર બોલાવશે તવાઈ તે સૌથી મોટી મડાગાંઠ

રાજકોટ, તા. ૧૫

છેલ્લા ઘણા સમયથી આવકવેરા વિભાગ નિષ્ક્રિય ભૂમિકામાં આવી ગયું હોય તેવું હાલ માનવામાં આવી રહ્યું છે ત્યારે આવકવેરા વિભાગ દ્વારા દિવાળી બાદ કંઈક ધડાકા ભડાકા થાય તે માટેની તૈયારીઓ અમદાવાદ સ્તરેથી ચાલુ કરી દેવામાં આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. લાડાણી ઓરબિટ પર જે તવાઈ બોલાવવામાં આવી તે બાદ આપમેરા વિભાગ દ્વારા શાંતિ અપનાવી લીધી હોય તેવું ચિત્ર આંખે વળગી રહ્યું છે સંબંધ વિભાગ ના સૂત્રો અને રાજકોટના પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ના જણાવ્યા અનુસાર આ તોફાન પહેલાની શાંતિ હોવાનું પણ મનાઈ રહ્યું છે. આકવેરા વિભાગના ઇન્વેસ્ટિગેશન વિંગમાં હાલ ધરખમ બદલાવો થયા છે કારણ કે બદલી નો દોર જે રીતે ચલાવવામાં આવ્યો અને જે અધિકારીઓની બદલી કરવામાં આવી તે બાદ હજુ સુધી એક પણ એવું ઓપરેશન વિભાગ દ્વારા આ ધરવામાં આવ્યું નથી જેની પાછળ તજજ્ઞોના જણાવ્યા મુજબ ખૂબ મોટું પ્લાનિંગ થઈ રહ્યું હોવાનું હાલ મનાઈ રહ્યું છે.

દિવાળી બાદ હાથ ધરવામાં આવનાર આવકવેરા વિભાગ ના સરચ ઓપરેશનમાં હવે કોનો ભોગ લેવામાં આવશે તે ચર્ચાનો વિષય બન્યો છે કારણ કે આંતરિક સર્વે જે કરવામાં આવતો હોય તે હાલ પૂરો કરી દેવામાં આવ્યો હોવાનું માલુમ પડી રહ્યું છે ત્યારે જરૂરી પુરાવાઓ એકત્રિત થતા હોવાનું હાલ જાણવા મળ્યું છે. સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ રિયલ એસ્ટેટ ના બિલ્ડરો ઉપર તથા જ્વેલર્સ ગ્રુપ ઉપર તવાઈ બોલાવવામાં આવે તેવું હાલ માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ લાડાણી એસોસીએટ્સ અને ઓર્બીટ ગ્રુપ પરના સરચ ઓપરેશન બાદ અનેક નવા બિલ્ડરો તથા તેમની સાથે સંકળાયેલા અન્ય ક્ષેત્રના લોકો ના નામ આકવેરા વિભાગ પાસે હાથ લાગ્યા હોવાનું અમદાવાદ વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે તે યાદી ઉપર હાલ કામકાજ થતુ હોવાનું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

પહેલા ના સમયમાં આવકવેરા વિભાગ દ્વારા રાજકોટમાં જુજ સર્ચ ઓપરેશન જ થતા તો સામે સર્વે પણ વ્યાપક પ્રમાણમાં થતા હોવાનું વિભાગના સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે પરંતુ છેલ્લા એક દશકમાં રાજકોટ વિવિધ ક્ષેત્રે જે રીતે હરણફાળ ભરી રહ્યું છે તેને લઈ એ વાત હવે સ્પષ્ટ થઈ ચૂકી છે કે અહીં જે ઉદ્યોગકારો છે તેઓ ઘણું ખરું કમાઈ રહ્યા છે પરંતુ સામે જે ટેક્સનું ચુકવણું કરવામાં આવવું જોઈએ તે થતું નથી જેને લઈને અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. હાલ દિવાળી બાદ જે તવાઈ બોલાવવામાં આવશે તેને લઈને હાલ હોમવર્ક આવકવેરા વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હવે જે સર્ચ ઓપરેશન હાથ ધરાશે તેનાથી અનેકવિધ નવા પ્રશ્નો ઊભા થાય તો નવાઈ નહીં.

### આઈટી આવશે એક્શન મોડમાં

દિવાળી બાદ આવકવેરા વિભાગનું ઇન્વેસ્ટિગેશન વિંગ એક્શન મોડમાં આવશે જેને લઈને હાલ અત્યારથી જ વિવિધ ક્ષેત્રના ટોચના ઉદ્યોગકારોમાં ભય વ્યાપી ઉઠ્યો છે. જોવાનું એ રહ્યું કે હવે કોનો વારો ચડે છે.

કારણકે અમદાવાદની ઇન્વેસ્ટિગેશન રીંગ અને અમદાવાદ આવકવેરા વિભાગ ને રાજકોટ રેન્જ માટે જે અભિપ્રાય મળી રહ્યા છે તે મુજબ આવનારું ઓપરેશન પણ એટલું જ રોચક હોય તો નવાઈ નહીં કારણ કે થેલી આવકવેરા વિભાગ દ્વારા લાડાણી એસોસીએટ્સ પર જે તવાઈ બોલાવવામાં આવી તેમાં ધાર્યા કરતાં પણ વધુ બેનામી વ્યવહારો સામે આવ્યા છે.